


# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 311
Dt.: 22-07-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### NEET પેપર લીક મુદ્દે સંસદમાં ગરમાયો રાજકીય માહોલ

## વડાપ્રધાન મોદીનું આશ્વાસન: ભવિષ્યમાં પેપર લીક રોકવા ફૂલ-પ્રૂફ સિસ્ટમ બનાવાશે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી સંસદના ચોમાસુ સત્રની શરૂઆત સાથે જ NEET પેપર લીક કેસ ફરી એકવાર રાજકીય ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષે આ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે સરકાર તરફથી કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ સ્પષ્ટતા કરી કે પેપર લીકની માહિતી મળતા જ કેન્દ્ર સરકારે તાત્કાલિક અને કડક પગલાં લીધા હતા. તેમણે જણાવ્યું કે તપાસ દરમિયાન સંડોવાયેલા ૧૩ આરોપીઓની ધરપકડ કરીને તેમને જેલમાં મોકલવામાં આવ્યા છે.

કિરેન રિજિજૂએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓના ભવિષ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની વાત કરી છે. તેમના જણાવ્યા અનુસાર, પરીક્ષા પ્રક્રિયામાં થયેલી ગેરરીતિ સામે સરકારે કોઈપણ પ્રકારની ઢીલ દાખવી નથી.

**કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ સંસદમાં સરકારનો પક્ષ રજૂ કર્યો; ૧૩ આરોપીઓની ધરપકડ બાદ પરીક્ષા ફરી યોજાઈ**

વિદ્યાર્થીઓને નુકસાન ન થાય તે માટે ટૂંકા સમયમાં ફરીથી પરીક્ષા યોજાઈ અને તેના પરિણામો પણ જાહેર કરવામાં આવ્યા હતા.

સરકારે ભવિષ્યમાં આવી કોઈપણ ઘટના ફરી ન બને તે માટે પરીક્ષા વ્યવસ્થામાં વ્યાપક સુધારા કરવાની દિશામાં કામગીરી શરૂ કરી હોવાનું પણ જણાવાયું. વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક કહ્યું કે દેશની પરીક્ષા પ્રણાલીને વધુ પારદર્શક, સુરક્ષિત અને વિશ્વસનીય બનાવવા માટે સંપૂર્ણ "ફૂલ-પ્રૂફ સિસ્ટમ" વિકસાવવામાં આવશે. સાથે જ પેપર લીક જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા લોકો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરીને તેમને ઉદાહરણરૂપ સજા આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે સરકારનો મુખ્ય ઉદ્દેશ લાખો વિદ્યાર્થીઓના વિશ્વાસને મજબૂત બનાવવાનો છે.

પરીક્ષા પ્રણાલી પર લોકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે ટેક્નોલોજી આધારિત સુરક્ષા વ્યવસ્થા, મજબૂત મોનિટરિંગ અને જવાબદારી નક્કી કરવાની પ્રક્રિયા વધુ અસરકારક બનાવવામાં આવશે.

ચોમાસુ સત્રના સંદર્ભમાં રિજિજૂએ જણાવ્યું કે સરકાર દેશના હિત સાથે જોડાયેલા મહત્વપૂર્ણ કાયદા અને વિધેયકોને સંસદમાં આગળ વધારવા પ્રતિબદ્ધ છે. તેમણે વિપક્ષને પણ અપીલ કરી કે રાજકીય મતભેદો હોવા છતાં વિદ્યાર્થીઓના ભવિષ્ય અને દેશના હિત જેવા મુદ્દાઓ પર સૌએ એકસાથે કામ કરવું જોઈએ.

NEET પેપર લીક કેસે દેશભરના લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોમાં ચિંતા ઊભી કરી હતી.

સરકારનું કહેવું છે કે આ ઘટનામાંથી પાઠ લઈને ભવિષ્યમાં પરીક્ષા વ્યવસ્થાને વધુ સુરક્ષિત બનાવવામાં આવશે, જેથી કોઈપણ વિદ્યાર્થીના પરિશ્રમ અને ભવિષ્ય સાથે ફરી ક્યારેય અન્યાય ન થાય.

### જંતર-મંતર પર વિરોધ યથાવત, દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક

## જંતર-મંતર સહિત સંવેદનશીલ વિસ્તારોમાં ભારે પોલીસ બંદોબસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી દિલ્હીના જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને લઈને મંગળવારે પણ તણાવપૂર્ણ સ્થિતિ યથાવત રહી હતી. કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે છેલ્લા એક મહિનાથી ચાલી રહેલા આંદોલનને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે રાજધાનીના અનેક સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવી છે. જંતર-મંતર, કનોટ પ્લેસ અને આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં પોલીસ તથા અર્ધલશ્કરી દળના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.

સોમવારે વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. આ દરમિયાન અનેક વિદ્યાર્થીઓ અને કેટલાક પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે રાત્રે જંતર-મંતર વિસ્તાર ખાલી કરાવ્યો હતો.

ત્યારબાદ કેટલાક આગેવાનો અન્ય સ્થળે ધરણા પર બેઠા હતા અને તેમની માંગણીઓ યથાવત રાખી હતી.

વિરોધ પ્રદર્શનના કારણે સોમવારે રાજીવ ચોક, જનપથ, પટેલ ચોક, કેન્દ્રીય સચિવાલય અને અન્ય કેટલાક મેટ્રો સ્ટેશનોને થોડા સમય માટે બંધ રાખવામાં આવ્યા હતા. જેના કારણે હજારો મુસાફરોને અવરજવર દરમિયાન મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. મેટ્રો સેવા બાદમાં તબક્કાવાર સામાન્ય કરવામાં આવી હતી.વિદ્યાર્થીઓની મુખ્ય માંગ કેન્દ્રીય શિક્ષણ મંત્રીને પદ પરથી હટાવવાની અને પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શક સુધારા લાવવાની છે. વિરોધ પ્રદર્શન દરમિયાન વિવિધ રાજકીય પક્ષોના કેટલાક નેતાઓએ પણ વિદ્યાર્થીઓને સમર્થન આપ્યું હતું અને તેમની માંગણીઓ પર સરકાર દ્વારા ચર્ચા કરવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

દિલ્હી પોલીસે જણાવ્યું છે કે કનોટ પ્લેસ નજીક થયેલી હિંસા, પથ્થરમારો અને જાહેર સંપત્તિને થયેલા નુકસાનના કેસમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. સીસીટીવી ફૂટેજ, વીડિયો રેકોર્ડિંગ અને અન્ય ડિજિટલ પુરાવાઓના આધારે ઘટનામાં સંડોવાયેલા લોકોની ઓળખ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે કાયદો હાથમાં લેનાર કોઈપણ વ્યક્તિ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

રાજધાનીના નવી દિલ્હી, ઉત્તર, દક્ષિણ, દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ જિલ્લાઓ સહિત અનેક વિસ્તારોમાં વધારાનું બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. મુખ્ય માર્ગો પર વાહનોનું ચેકિંગ વધારવામાં આવ્યું છે અને સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. સરકારી કચેરીઓ, મહત્વપૂર્ણ સંસ્થાઓ અને સંભવિત વિરોધ સ્થળોની આસપાસ પણ સુરક્ષા વધુ સઘન બનાવવામાં આવી છે. દિલ્હી પોલીસનું કહેવું છે કે પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને શાંતિ તથા કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. બીજી તરફ, વિદ્યાર્થીઓએ પોતાની માંગણીઓ પર સરકાર સાથે અર્થપૂર્ણ ચર્ચા થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

## મોંઘવારીનો નવો ખતરો! : ભારતનું ક્રૂડ ઓઈલ આયાત બિલ ૬૧% વધ્યું, ૪૯.૮ અબજ ડોલરે પહોંચ્યું

### તેલના ઊંચા ભાવથી અર્થતંત્ર પર દબાણ વધવાની શક્યતા, પેટ્રોલ-ડીઝલ સહિતની કિંમતો પર અસરનો ભય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી ભારતના કાચા તેલના આયાત બિલમાં મોટો વધારો નોંધાયો છે. એપ્રિલથી જૂન ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનું ક્રૂડ ઓઈલ આયાત બિલ ૬૧ ટકા વધીને ૪૯.૮ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે. જોકે, આ સમયગાળા દરમિયાન ભારતે ગયા વર્ષની સરખામણીએ કાચા તેલની ઓછી આયાત કરી હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના વધેલા ભાવને કારણે આયાત ખર્ચમાં ભારે વધારો થયો છે.

પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (PPAC)ના આંકડા મુજબ, એપ્રિલ-જૂન દરમિયાન ભારતે કુલ ૫૯.૮ મિલિયન ટન કાચું તેલ આયાત કર્યું હતું. ગયા વર્ષે આ જ સમયગાળામાં ૬૨.૬ મિલિયન ટન આયાત કરવામાં આવ્યું હતું. એટલે કે આયાતના જથ્થામાં લગભગ ૪ ટકાનો ઘટાડો થયો હોવા છતાં, ઊંચી કિંમતોને કારણે કુલ આયાત બિલમાં મોટો ઉછાળો આવ્યો છે. જૂન મહિનામાં ભારતે ૧૮.૯ મિલિયન ટન કાચું તેલ આયાત કર્યું હતું, જે ગયા વર્ષના જૂન કરતાં લગભગ ૭ ટકા ઓછું હતું. તેમ છતાં, જૂન મહિનાનું આયાત બિલ ૪૮ ટકા વધીને ૧૪.૭ અબજ ડોલર થયું છે. આ આંકડા દર્શાવે છે કે વૈશ્વિક બજારમાં વધેલા ક્રૂડ ઓઈલના ભાવની સીધી અસર ભારતના ખર્ચ પર પડી રહી છે.નિષ્ણાતોના જણાવ્યા મુજબ, અમેરિકા અને ઈરાન વચ્ચેના વધેલા તણાવ તથા હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી અનિશ્ચિતતાના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી જોવા મળી હતી. એપ્રિલ અને મે મહિનામાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ ઘણી વખત પ્રતિ બેરલ ૧૦૦ ડોલરથી ઉપર ગયા હતા. એપ્રિલ મહિનામાં યુદ્ધવિરામની શક્યતાઓ વચ્ચે ક્રૂડના ભાવમાં ઘટાડો થયો હતો, પરંતુ ત્યારબાદ તણાવ વધતા ભાવ ફરી ઝડપથી વધ્યા હતા. મે મહિનામાં પણ ભાવ ઊંચા સ્તરે રહ્યા હતા. જૂનમાં ભાવ થોડા ઘટ્યા હોવા છતાં સમગ્ર ત્રિમાસિક ગાળાની અસર ભારતના આયાત ખર્ચ પર જોવા મળી છે. ભારત પોતાની કુલ જરૂરિયાતના ૮૫ ટકાથી વધુ કાચા તેલ માટે આયાત પર આધાર રાખે છે. તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધવાથી દેશના આયાત બિલ, ચાલુ ખાતાની ખાધ અને મોંઘવારી પર સીધી અસર થઈ શકે છે.

જો ક્રૂડ ઓઈલના ભાવ લાંબા સમય સુધી ઊંચા રહેશે તો પેટ્રોલ-ડીઝલના ભાવ સહિત પરિવહન અને અન્ય ક્ષેત્રોના ખર્ચમાં વધારો થઈ શકે છે. આ સ્થિતિમાં સામાન્ય ગ્રાહકો પર મોંઘવારીનો વધારાનો બોજ પડવાની શક્યતા છે. ભારત દર વર્ષે મોટી માત્રામાં કાચું તેલ આયાત કરે છે. નિષ્ણાતોના મતે, ક્રૂડ ઓઈલના ભાવમાં પ્રતિ બેરલ માત્ર ૧ ડોલરના વધારાથી પણ દેશના આયાત ખર્ચમાં અબજો ડોલરનો વધારો થઈ શકે છે. હાલ વૈશ્વિક બજારની સ્થિતિ પર ભારતની અર્થવ્યવસ્થા અને મોંઘવારીના દરની નજર ટકેલી છે.

## સિક્કિમમાં ટનલ તૂટી પડતાં ૭ કામદારોનાં મોત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગંગટોક સિક્કિમના નામચી જિલ્લામાં નિર્માણાધીન સમરદુંગ ટનલમાં થયેલી મોટી દુર્ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે. ટનલની અંદર અચાનક થયેલા ભૂસ્ખલન બાદ મિથેન ગેસ લીકેજ થતાં ઓછામાં ઓછા સાત કામદારોનાં મોત થયાં હોવાનું જિલ્લા વહીવટીતંત્રે પુષ્ટિ કરી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ હજુ પણ અનેક કામદારો ટનલની અંદર ફસાયેલા હોવાની આશંકા છે અને તેમને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે સતત બચાવ કામગીરી ચાલી રહી છે. આ ઘટના સોમવારે બપોરે બની હતી, જ્યારે સમરદુંગ વિસ્તારમાં ટનલનું બાંધકામ ચાલી રહ્યું હતું. અચાનક ભારે ભૂસ્ખલન થતાં ટનલનો પ્રવેશ માર્ગ બંધ થઈ ગયો હતો, જેના કારણે અંદર કામ કરી રહેલા શ્રમિકો બહાર નીકળી શક્યા નહોતા. ત્યારબાદ ટનલમાં મિથેન ગેસનું લીકેજ શરૂ થતાં સ્થિતિ વધુ ગંભીર બની ગઈ હતી. મિથેન ગેસના કારણે બચાવ કામગીરીમાં અનેક પડકારો ઉભા થયા છે. ગેસના પ્રભાવને કારણે કેટલાક બચાવકર્મીઓને શ્વાસ લેવામાં તકલીફ, ચક્કર આવવા અને બેભાન થવાની સ્થિતિ સર્જાઈ હતી. પરિણામે ગેસ માસ્ક અને વિશેષ સુરક્ષા સાધનો વિના ટનલમાં પ્રવેશ કરવો જોખમી બની ગયો છે. રાહત અને બચાવ કામગીરી માટે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF), સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRF), સિક્કિમ પોલીસ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ તથા અન્ય સરકારી એજન્સીઓની ટીમો ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવી છે.

### ચીની ટેક જાયન્ટ અલીબાબાનો દાવો

## Qwen3.8 Max એન્થ્રોપિકના એઆઈ મોડલ ફેબલ-૫ને ટક્કર આપશે

### વર્લ્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કોન્ફરન્સમાં જાહેરાત બાદ કંપનીના શેરમાં પાંચ ટકાનો ઉછાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજિંગ ચીનની ટેકનોલોજી કંપની અલીબાબાએ પોતાનું અત્યાર સુધીનું સૌથી પાવરફૂલ આટફિશિયલ ઈન્ટેલિજન્સ મોડલ Qwen3.8 Max રજૂ કર્યું છે. કંપનીનો દાવો છે કે આ મોડલ ક્ષમતાની દ્રષ્ટિએ વિશ્વના ટોપ એઆઈ મોડલ્સમાં સ્થાન ધરાવે છે. તે હાલમાં એન્થ્રોપિકના ફેબલ-૫ પછી બીજા નંબરે આવે છે.અલીબાબાના જણાવ્યા મુજબ, Qwen3.8 Max માં ૨.૪ ટ્રિલિયન પેરામીટર્સ છે, જે તેને અત્યાર સુધીના સૌથી મોટા અને શક્તિશાળી એઆઈ મોડલ્સમાં સામેલ કરે છે. આ મોડલ ટેક્સ્ટ ઉપરાંત ફોટોઝ, વીડિયોઝ અને ડોક્યુમેન્ટ્સને સમજી અને તેના આધારે જવાબ આપી શકે છે. તેને કંપની ટૂંક સમયમાં ઓપન-વેઈટ સ્વરૂપે રજૂ કરશે. જેથી ડેવલપર્સ તેને પોતાના ઉપયોગ મુજબ કસ્ટમાઈઝ કરી શકશે.આ જાહેરાત શાંઘાઈમાં યોજાયેલા વર્લ્ડ આટફિશિયલ ઈન્ટેલિજન્સ કોન્ફરન્સ દરમિયાન કરવામાં આવી હતી. ખાસ વાત એ છે કે એક દિવસ પહેલાં જ ચીનની એઆઈ કંપની મૂનશોટ એઆઈએ Kimi K3 નામનું ૨.૮ ટ્રિલિયન પેરામીટર્સ ધરાવતું મોડલ રજૂ કર્યું હતું. નવી જાહેરાત બાદ હાંગકોંગ શેરબજારમાં અલીબાબાના શેરમાં પાંચ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો.

## ભારે હંગામા બાદ લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી સંસદના ચોમાસુ સત્રના બીજા દિવસે પણ લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. વિપક્ષે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર થયેલી પોલીસ કાર્યવાહી, NEET પરીક્ષા વિવાદ સહિતના મુદ્દાઓને લઈને સરકાર સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. સતત હંગામાને કારણે બંને ગૃહોમાં કોઈ મહત્વપૂર્ણ ધારાસભાકીય કામકાજ થઈ શક્યું નહીં અને અંતે લોકસભા તથા રાજ્યસભાની કાર્યવાહી બુધવાર, ૨૨ જુલાઈના રોજ સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષના સભ્યોએ વિવિધ મુદ્દાઓ પર ચર્ચાની માંગ સાથે સૂત્રોચ્ચાર શરૂ કર્યો હતો. ભારે હોબાળાને કારણે અધ્યક્ષે પ્રથમ કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી અને ત્યારબાદ ૨ વાગ્યા સુધી મુલતવી રાખી હતી. બપોરે ફરી બેઠક શરૂ થયા બાદ પણ સ્થિતિમાં કોઈ સુધારો ન થતાં આખા દિવસ માટે ગૃહની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી. રાજ્યસભામાં પણ સમાન સ્થિતિ જોવા મળી હતી. કોંગ્રેસના અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીનો મુદ્દો ઉઠાવી સરકાર પાસેથી સ્પષ્ટતા માંગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, હોબાળાને કારણે રાજ્યસભામાં પણ કોઈ નિયમિત કાર્યવાહી થઈ શકી નહોતી. સંસદની બહાર મીડિયા સાથે વાત કરતાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દેશની શિક્ષણ વ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓની માંગણીઓને યોગ્ય ગણાવી અને કહ્યું કે પરીક્ષા પ્રણાલીમાં ઉભી થયેલી ખામીઓ અંગે સરકાર જવાબ આપે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મુદ્દે મૌન કેમ છે તેવો સવાલ પણ ઉઠાવ્યો.

મલ્લિકાર્જુન ખડગેએ પણ સરકાર પર નિશાન સાધતાં જણાવ્યું કે વિપક્ષને સંસદમાં પોતાની વાત રજૂ કરવાની પૂરતી તક આપવામાં આવતી નથી. તેમણે વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહી અંગે ચર્ચા કરવાની માંગ પુનરાવર્તિત કરી અને કહ્યું કે સંવેદનશીલ મુદ્દાઓ પર સંસદમાં ખુલ્લી ચર્ચા થવી જરૂરી છે.

બીજી તરફ, સરકારનું કહેવું છે કે સંસદમાં મહત્વપૂર્ણ વિધેયકો અને જાહેર હિતના મુદ્દાઓ પર ચર્ચા થવી જોઈએ અને વિપક્ષે ગૃહનું કામકાજ અવરોધવાને બદલે ચર્ચામાં ભાગ લેવો જોઈએ. જોકે, દિવસભર ચાલેલા હોબાળાને કારણે કોઈપણ મહત્વપૂર્ણ ચર્ચા કે કાયદાકીય કાર્યવાહી આગળ વધી શકી નહોતી. ચોમાસુ સત્રના પ્રથમ બે દિવસ સતત અવરોધોથી પ્રભાવિત રહ્યા છે. હવે બુધવારે બંને ગૃહોની બેઠક ફરી શરૂ થશે ત્યારે સરકાર અને વિપક્ષ વચ્ચે ચર્ચા માટે કોઈ સહમતિ બને છે કે ફરી હંગામો જોવા મળે છે, તેના પર સૌની નજર રહેશે.

## ઈથેનોલના કારણે એન્જિન બગડવાના કોઈ પુરાવા નથી, શુદ્ધ પેટ્રોલ નહીં જ મળે: સંસદમાં સરકારનો જવાબ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી દેશભરમાં E20 (20% ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચાઓ અને વિરોધ વચ્ચે કેન્દ્ર સરકારે સંસદમાં મોટો ખુલાસો કર્યો છે. સરકારે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે દેશના પેટ્રોલ પંપો પર શુદ્ધ પેટ્રોલ (E0) કે ઓછું ઈથેનોલ ધરાવતા E10 પેટ્રોલની સમાંતર સપ્લાય શરૂ કરવાનો કોઈ વિચાર કે પ્રસ્તાવ નથી.

રાજ્યસભામાં સાંસદ ડૉ. વી શિવદાસન અને અશોક સિંહ દ્વારા પૂછાયેલા પ્રશ્નોનો જવાબ આપતાં પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ રાજ્યમંત્રી સુરેશ ગોપીએ આ માહિતી આપી હતી.પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે E20 બળતણના ઉપયોગથી વાહનના એન્જિન ખરાબ થવા, અસામાન્ય ઘસારો થવો કે પ્રદર્શનમાં મોટો ઘટાડો થવા અંગેના કોઈ વૈજ્ઞાનિક પુરાવા કે પુષ્ટિ થયેલી ફરિયાદો મળી નથી. સોશિયલ મીડિયા અને મીડિયા રિપોર્ટ્સમાં ઉઠાવવામાં આવેલી ચિંતાઓનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન, લાંબા સમયની લેબ ટેસ્ટિંગ અને ફીલ્ડ વેલિડેશન કરાવવામાં આવ્યું છે, જેમાં E20 થી વાહનો પર વિપરીત અસર થવાનું સાબિત થયું નથી.સરકારે શુદ્ધ પેટ્રોલ કે E10 ના વેચાણથી ઈનકાર કરવા પાછળ બે મુખ્ય કારણો દર્શાવ્યા છે:લોજિસ્ટિક્સ અને ખર્ચ: દેશના 1 લાખથી વધુ પેટ્રોલ પંપો પર E0, E10 અને E20 માટે અલગ-અલગ સપ્લાય ચેઈન અને હેન્ડલિંગની વ્યવસ્થા કરવી વ્યાવહારિક નથી.




## તંત્રી લેખ......

### દિશાહીન ઘટના

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ દ્વારા અપમાનજનક ટિપ્પણીની પ્રતિક્રિયા,સીજેપીના સંસદ માર્ચ દરમિયાન દિલ્હીમાં ફાટી નીકળેલા હોબાળા અને હિંસાની પહેલાથી જ અપેક્ષા હતી, કારણ કે આ કહેવાતા રાજકીય પક્ષ દ્વારા કરવામાં આવેલો વિરોધ સંપૂર્ણપણે દિશાહીન હતો.

હકીકતમાં, આ જૂથની રચના જ એક મજાકનું પરિણામ હતું. તે એવું માનવામાં ભ્રમિત થઈ ગયો કે તે એક રાજકીય બળ છે કારણ કે તેણે ઈન્ટરનેટ પર લાખો અનુયાયીઓ એકત્રિત કર્યા હતા. આ ભ્રમણાથી દિશાહીન આંદોલનનો પાયો નાખ્યો. સીજેપીએ એક ઉદાહરણ છે કે ઓનલાઈન લોકપ્રિયતાનો જમીન પર કોઈ પ્રભાવ નથી. સીજેપીના વિરોધ પ્રદર્શનો માત્ર મોદી સરકારના તમામ પ્રકારના વિરોધીઓ, ખાસ કરીને કાર્યકરો માટે એક અનુકૂળ પ્લેટફોર્મ બન્યા નહીં, પરંતુ દરેક વ્યક્તિ પોતાની રીતે તેનો લાભ લેવાનો પ્રયાસ પણ કરી રહ્યા હતા. વિરોધી પક્ષોએ પણ તાકીદની ભાવનાથી તેના પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો.નીટ પેપર લીક સહિત અસંખ્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ તેના પ્લેટફોર્મ પરથી ઉઠાવવામાં આવી રહ્યા હતા તે કોઈ રહસ્ય નથી. સીજેપીના કાર્યક્રમને વિશ્વસનીયતા મળી શકી નહીં કારણ કે જૂથના નેતાઓ, જેઓ તેમની સાથે જોડાયા હતા, તેમણે પોતાના જીવના જોખમે પણ ભૂખ હડતાળ ચાલુ રાખી તે સુનિશ્ચિત કરવા માટે ઉત્સુક દેખાતા હતા, તેઓ પોતે ઉપવાસમાં ભાગ લેવા અથવા વિરોધ સ્થળ પર હાજર રહેવા માટે તૈયાર ન હતા. સીજેપીના સંસદ કૂચમાં ભીડ એકઠી થઈ હતી કારણ કે સોનમ વાંગચુકને હાઈકોર્ટના આદેશ પર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, પરંતુ આ ભીડ સંપૂર્ણપણે અનિયંત્રિત હતી કારણ કે તેમને માર્ગદર્શન આપવા માટે કોઈ નહોતું. શું એ વિચિત્ર નથી કે જ્યારે સીજેપી નેતાઓ તેમના ઉપવાસ સમાપ્ત કરવાની જાહેરાત કરી રહ્યા હતા અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા સાથે મળવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે સંસદ કૂચમાં ભાગ લેનાર ભીડ સંસદમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહી હતી. આનાથી શું પ્રાપ્ત થવાનું હતું? આ પ્રયાસથી દિલ્હીના રસ્તાઓ પર આપણે જે જોયું તે બન્યું. જો સીજેપી નેતાઓ સુવિચારિત રણનીતિના ભાગ રૂપે પોતાનો વિરોધ પ્રદર્શન કરી રહ્યા હોત તો આને અટકાવી શકાયું હોત. તેમને સમજવું જોઈતું હતું કે તેમનો તેમના સમર્થકો પર કોઈ નિયંત્રણ નથી. આવી ઘટનાઓ દરેક સંસદ સત્ર પહેલાં બનતી હોવાથી, વિપક્ષને પહેલા જ દિવસે ગૃહમાં હંગામો કરવાની તક મળે છે, તેથી સરકારે સંસદ કૂચ પહેલાં સીજેપી નેતાઓ સાથે વાતચીત શરૂ કરવી જોઈતી હતી. હવે જે વાતચીત થઈ છે તે પહેલા કેમ ન થઈ શકે?

# પોલીસની બર્બરતાનો શરમજનક મંજર: સંસદ માર્ગ પર વિદ્યાર્થીઓ પર વરસાવી દયા વગર લાઠીઓ: ૧૦૦ થી વધુ યુવાનો આઈસીયુમાં






પ્રતિનિધિ,ગાંધીનગર

મોટા શહેરોની સુંદર રોશની પાછળ ક્યારેક યુવાનોનો લોહીલુહાણ આક્રોશ છુપાયેલો હોય છે. નીટ પરીક્ષાના વિવાદ અને શિક્ષણ વ્યવસ્થામાં ગરબડો સામે સંસદ માર્ગ ખાતે આયોજીત સંસદ ચલો માર્ચ દરમિયાન અચાનક પરિસ્થિતિ વણસી ગઈ હતી. પ્રદર્શનકારીઓને વિખેરવા માટે પોલીસે આકરો બળપ્રયોગ કરતા આંસુ ગેસના સેલ છોડયા અને સઘન લાઠીચાર્જ કર્યો હતો. આ હિંસક અથડામણમાં ૧૦૦ થી વધુ યુવાનો અને પ્રદર્શનકારીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. જેમને સારવાર અર્થે દિલ્હીની રામ મનોહર લોહીયા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોમાં મુઝફ્ફરનગરનો ૨૪ વર્ષીય ઈ-રીક્ષા ચાલક રવી પણ સામેલ છે. રવી ને માથાના ભાગે આડેધડ લાઠીઓ વાગવાને કારણે મગજમાં આંતરીક રકતસ્ત્રાવ થતા તેની હાલત અત્યંત નાજુક છે અને તે હાલ આઈસીયુમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. રવી ના ભાઈ શ્યામે તે ભયાનક મંજર યાદ કરતા જણાવ્યુ હતુ કે પોલીસે પહેલા આંસુ ગેસના ગોળા છોડયા એટલે અમે થોડા પાછળ હટયા, પરંતુ તે જ સમયે પોલીસે અચાનક લાઠીચાર્જ શરૂ કરી દીધો. એક પોલીસ કર્મીએ રવી ના માથા પર એક પછી એક અનેક ઘા માર્યા, જેથી તે ત્યાં જ બેભાન થઈને ઢળી પડયો, અમે જેમ તેમ કરીને તેને હોસ્પિટલ પહોચાડયો, શ્યામે વધુમાં ઉમેર્યુ કે રવી પોતે વિદ્યાર્થી નથી, પણ તે દેશની કથળતી શિક્ષણ વ્યવસ્થાથી કંટાળી ગયો હતો અને યુવાનોના હક્ક માટે અઠવાડીયા પહેલા આ આંદોલનમાં જોડાયો હતો. આર એમ એલ હોસ્પિટલના નર્સિંગ સુપ્રિટેન્ડેટે જણાવ્યુ હતુ કે જયારે રવી ને લાવવામાં આવ્યો ત્યારે તેનો કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો અને તેના બ્લડ પ્રેશર તથા શ્વાસોચ્છવાસ ઝડપથી ઘટી ગયા હતા.

સાંજ સુધીમાં હોસ્પિટલના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઈમરજન્સી ટીમે ૧૦૦ થી વધુ ઘાયલ લોકોને સારવાર આપી હતી. જેમાં ૯૦ પ્રદર્શનકારીઓ અને ૧૦ પોલીસકર્મીઓ સામેલ હતા. ૪ થી

### શાંતિપૂર્ણ આંદોલન પર સરકારનો મોટો પ્રહાર: શિક્ષણ મંત્રીનો જવાબ માંગનારા યુવાનો પર પોલીસે ચલાવ્યો અમાનુષી બળપ્રયોગ

વધુ યુવાનોની સ્થિતિ નાજુક હોવાથી તેમને આઈસીયુમાં રાખવામાં આવ્યા છે. કનોટ પ્લેસ નજીકના ગોલ ડાક ખાનાથી લઈને જંતર મંતર અને ઈન્ડીયા ગેટ સુધીના વિશાળ વિસ્તારમાં ચારેય બાજુ નાસભાગ અને લાઠીચાર્જનો માહોલ હતો. ભીડ વધતા અનેક લોકો એકબીજા પર પડી જવાથી કચડાયા હતા. આરએમએલ હોસ્પિટલનો ઈમરજન્સી વોર્ડ ઘાયલોથી ઉભરાઈ જતા આખરે નવા દર્દીઓને લેવાનુ બંધ કરવુ પડયુ હતું અને ઘાયલોને લેડી હાર્ડીઝ હોસ્પિટલ તરફ રીફર કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબોના જણાવ્યા મુજબ મોટાભાગના દર્દીઓના માથા પર ઉંડા ઘા વાઘેલા હોવાથી ટાંકા લેવા પડયા છે. ઉપરાંત ટેટનસના ઈન્જેકશન અને પટ્ટીઓ બાંધવી પડી રહી છે. ઘણા યુવાનોના હાથ પગમાં ગંભીર ફેકચર થયા છે. દર્દીઓની ગંભીરતા જોઈને તેમને રેડ ઝોનમાં શીફટ કરવામાં આવ્યા છે. જયાં વધારાના તબીબી સાધનો દ્વારા સારવાર ચાલી રહી છે. અનેક યુવાનોના માથાનુ સીટી સ્કેન અને એકસ-રે કરવામાં આવી રહ્યા છે. જયારે કેટલાક દર્દીઓને તાત્કાલીક ઓર્થોપેડીક સર્જરીની જરૂર પડી છે. સારવાર મેળવી રહેલા મોટા ભાગના દર્દીઓ ૨૦ થી ૩૫ વર્ષની વયના યુવાનો છે.

## ભારે વરસાદને કારણે ચિનાબ નદીનું જળસ્તર વધ્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુ અને કાશ્મીરના રિયાસી અને રાજૌરી જિલ્લામાં પડી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સતત વરસાદના કારણે ચિનાબ નદી અને સલાલ ડેમના જળાશયમાં પાણીનું સ્તર ભયજનક સપાટી તરફ વધી રહ્યું છે. સ્થિતિને કાબૂમાં રાખવા અને જળાશયનું સ્તર જાળવી રાખવા માટે મંગળવારે સલાલ ડેમના તમામ દરવાજા ખોલીને વધારાનું પાણી સુરક્ષિત રીતે છોડવામાં આવ્યું હતું. પાણી છોડવામાં આવતા ચિનાબ નદીના પ્રવાહ અને જળસ્તરમાં અચાનક મોટો વધારો થયો છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા નદી કિનારે અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નાગરિકો માટે કડક ચેતવણી જારી કરવામાં આવી છે. પ્રશાસને લોકોને બિનજરૂરી રીતે નદી કે તેના કિનારાની આસપાસ ન જવા ખાસ અપીલ કરી છે. અધિકારીઓ દ્વારા નદીના જળસ્તર પર સતત નજર રાખવામાં આવી રહી છે જેથી કોઈપણ કટોકટીનો સમયસર સામનો કરી શકાય. દરમિયાન, રાજૌરી જિલ્લામાં પણ સવારથી જ મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. જિલ્લા વહીવટીતંત્ર અને રાજૌરી પોલીસે સંયુક્ત સલાહકાર જારી કરીને લોકોને અત્યંત આવશ્યક કામ હોય તો જ ઘરની બહાર નીકળવા જણાવ્યું છે. સતત વરસાદને કારણે અચાનક પૂર, ભૂસ્ખલન અને માર્ગો પર પાણી ભરાવવાની પૂરી સંભાવના છે. પ્રશાસને નાગરિકોને પાણી ભરાયેલા રસ્તાઓ કે પુલો પાર ન કરવા અને હવામાન વિભાગની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરી છે.કટોકટીની કોઈપણ સ્થિતિમાં તાત્કાલિક સ્થાનિક પ્રશાસન અથવા આપત્તિ વ્યવસ્થાપન સેવાઓનો સંપર્ક કરવા માટે પણ નાગરિકોને જાગૃત કરવામાંઆવ્યા છે. જમ્મુઅને કાશ્મીરના અનેક વિસ્તારોમાં આ કુદરતી આફત અને ખરાબ હવામાનને કારણે ચિંતાનું વાતાવરણ છવાયેલું છે, ત્યારે વહીવટીતંત્ર દ્વારા સતત સુરક્ષા વ્યવસ્થાઓ પર નજર રાખવામાં આવી રહી છે.

ડેમની વર્તમાન સપાટી પર સતત નિરીક્ષણથી લઈને વીજ પુનઃસ્થાપન સહિતની કામગીરી માટે સ્ટેટ કંટ્રોલ રૂમ કાર્યરત

## સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર – ગાંધીનગર ખાતે વેધર વૉચ ગ્રુપની બેઠક યોજાઈ




રાજ્યમાં ચોમાસાની ઋતુમાં આગામી દિવસોમાં વરસાદની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને આજે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર **(SEOC)**, ગાંધીનગર ખાતે રાહત કમિશનર શ્રી ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને 'વેધર વૉચ ગ્રુપ'ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચોમાસા દરમિયાન વરસાદી પરિસ્થિતિ સામે નાગરિકોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન માટેની વહીવટી તંત્રની પૂર્વતૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં રાહત કમિશનર શ્રી ગૌરાંગ મકવાણાએ તમામ સંબંધિત વિભાગો પાસેથી માહિતી મેળવીને આ વિભાગોને પરસ્પર સુદ્રઢ સંકલન જાળવવા અનુરોધ કર્યો હતો. તેમણે કોઈપણ કટોકટી વખતે સ્ટેટ કંટ્રોલ રૂમને તરત જાણ કરવા સૂચના આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, હવામાન વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલા સેટેલાઈટ ઈમેજરી અને અદ્યતન પૂર્વાનુમાનના આધારે રાજ્યમાં દક્ષિણ ગુજરાત સહિત જ્યાં પણ ભારે વરસાદની શક્યતા છે, તેવા તમામ વિસ્તારો પર કંટ્રોલ રૂમ દ્વારા ૨૪ કલાક સતત નજર રાખવામાં આવી રહી છે.

રાહત અને બચાવ કામગીરી સંદર્ભે પૂર્વતૈયારીની વિગતો આપતા તેમણે કહ્યું કે, આપાતકાલીન સ્થિતિમાં બચાવ અને રાહત કામગીરી ઝડપથી થઈ શકે તે માટે **NDRF** અને **SDRF**ની ટુકડીઓને જરૂરી તમામ સાધન-સામગ્રી સાથે સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરી દેવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને અરબી સમુદ્રમાં સર્જાયેલી હવામાન સિસ્ટમના કારણે આગામી સાત દિવસ દરમિયાન હળવાથી મધ્યમ અને કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વ્યાપક વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલ તા. ૨૨ જુલાઈના રોજ દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. તા. ૨૨ અને ૨૩ જુલાઈના રોજ ઉત્તર અને મધ્ય ગુજરાતના અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, નર્મદા, સુરત, ડાંગ અને તાપી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ખૂબ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

તા. ૨૪ જુલાઈના રોજ સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ અને મહીસાગર તેમજ દક્ષિણ ગુજરાતનાં તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

રાહત કમિશનરશ્રીએ એમ પણ જણાવ્યું હતુ કે, માળખાકીય સુવિધાઓ અને જળાશયોની સલામતી માટે આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે તેમ જ જળસંપત્તિ અને સિંચાઈ વિભાગ દ્વારા રાજ્યના મુખ્ય ડેમની વર્તમાન સપાટી પર સતત નિરીક્ષણ રાખવામાં આવી રહ્યું છે. શ્રી મકવાણાએ ઉમેર્યું કે, વરસાદના કારણે જો રસ્તાઓ બંધ થાય ત્યારે વાહનવ્યવહાર ચાલુ રાખવા માટે માર્ગ અને મકાન વિભાગને વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા માટેની સૂચના આપવામાં આવી છે.

તેમણે વધુ વિગતો આપતા કહ્યું કે, ઊર્જા વિભાગે વીજ પુરવઠો ખોરવાય તો તેને લઘુત્તમ સમયમાં પુનઃસ્થાપિત કરવા ઈમરજન્સી ટીમો સ્ટેન્ડબાય રાખી છે. આ બેઠકમાં **NDRF, SDRF,** કોસ્ટગાર્ડ, નેવી, આરોગ્ય, વન, કૃષિ અને મહેસૂલ સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. - જીગર બારોટ

વૈજ્ઞાનિક અભ્યાસમાં ખુલાસો

## મોબાઈલ ફોનથી બ્રેઈન કેન્સર થતું હોવાના કોઈ પુરાવા નથી

### મોબાઈલ ફોનના ઉપયોગથી મગજના કેન્સરનું જોખમ વધતું હોત તો છેલ્લા દાયકાઓમાં આવા કેસોમાં ઉછાળો આવ્યો હોત

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન,

એક નવા વૈજ્ઞાનિક અભ્યાસમાં ખુલાસો થયો છે કે મોબાઈલ ફોનમાંથી નીકળતા ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોથી મગજ, માથા અથવા ગરદનનું કેન્સર થતું હોવાના કોઈ વૈજ્ઞાનિક પુરાવા મળ્યા નથી. આ નવા અભ્યાસથી છેલ્લા બે દાયકામાં મોબાઈલ ફોનના વ્યાપક ઉપયોગથી મગજના કેન્સરનું જોખમ વધતુ હોવાની અટકળો પર પૂર્ણવિરામ મુકાયું છે.

2019માં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોની આરોગ્ય પરની અસર જાણવા માટે 13 વૈજ્ઞાનિક સમીક્ષાઓ કરાવવાનો નિર્ણય લીધો હતો. નવા અભ્યાસમાં આ સમીક્ષાઓના તારણોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમાં સ્પષ્ટ થયું છે કે મોબાઈલ ફોનમાંથી નીકળતા ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગો મગજ, માથા અથવા ગરદનના કેન્સરનું કારણ બને છે તેવા કોઈ પુરાવા નથી.WHOની 13 સમીક્ષાઓનો હેતુ એ સમજવાનો હતો કે ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોની આરોગ્ય પરની અસર અંગે અત્યાર સુધી શું જાણવામાં આવ્યું છે અને કયા ક્ષેત્રોમાં વધુ સંશોધનની જરૂર છે. WHOએ હજુ સુધી તમામ સમીક્ષાઓ પર અંતિમ અહેવાલ જાહેર કર્યો નથી, પરંતુ મગજના કેન્સર અંગેની સમીક્ષા કરનારા બે સંશોધકોએ પોતાના તેમજ અન્ય સમીક્ષાઓના મુખ્ય તારણો પ્રકાશિત કર્યા છે.

સંશોધકોએ 1994થી 2022 દરમિયાન પ્રકાશિત થયેલા 63 અલગ-અલગ અભ્યાસોનું વિશ્લેષણ કર્યુ હતું. તેમા જાણવા મળ્યું છે કે મોબાઈલ ફોનના ઉપયોગ અને મગજ, માથા અથવા ગરદનના કેન્સર વચ્ચે કોઈ સંબંધ જોવા મળ્યો નથી. વ્યક્તિ કેટલો સમય મોબાઈલનો ઉપયોગ કરે છે અથવા 10 વર્ષથી વધુ સમયથી મોબાઈલ વાપરે છે કે નહીં. તેનાથી પણ કેન્સરનું જોખમ વધતું હોવાનું કોઈ પુરાવું મળ્યું નથી.આ જ સમીક્ષામાં રેડિયો અને ટેલિવિઝન ટ્રાન્સમિશન તથા બાળકોમાં લ્યુકેમિયા વચ્ચે પણ કોઈ સંબંધ મળ્યો નથી. માનવો પર થયેલા અન્ય અભ્યાસોમાં પણ મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગો છોડતા ઉપકરણોથી સ્વાસ્થ્યને નુકસાન થતું હોવાના કોઈ પુરાવા મળ્યા નથી.

## ગુજરાતમાં ફરી આઈએએસ અધિકારીઓની બદલીનો ગંજીપો ચીપાયો: એક સાથે ૨૮ આઈએએસ અને ૧૩ ગેસ કેડરના અધિકારીઓની બદલી




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે પ્રશાસનીક વ્યવસ્થાને વધુ મજબુત, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા માટે રાજયના વહિવટી તંત્રમાં મોટો ફેરફાર કર્યો છે. સરકારે એક સાથે ૨૮ આઈએએસ અધિકારીઓની બદલી અને નિમણુંકના આદેશો જારી કર્યા છે. આ ફેરફારમાં રાજયના વિવિધ જિલ્લાઓના જિલ્લા વિકાસ અધિકારીઓ અને મ્યુનીસીપલ કમિશ્નરો સહિતના મહત્વના હોદ્દાઓ પર નવા અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ મોટો ફેરફાર રાજયના શહેરી વિકાસ, ઔદ્યોગિક વિકાસ અને ગ્રામીણ વહિવટમાં સુધારો લાવવાના હેતુથી કરવામાં આવ્યો છે. બદલી થયેલ અધિકારીઓમાં (૧) જુનાગઢ મ્યુનિસીપલ કમિશ્નર પ્રભાવ જોશીની બદલી કરીને તેમની જીઆઈડીસી ખાતે સંયુકત મેનેજીંગ ડીરેકટર તરીકે નિમણુંક કરવામાં આવી છે. (૨) જુનાગઢ મ્યુનિસીપલ કમિશ્નર તરીકે આઈ આર વાળા ની નિમણુંક કરવામાં આવી છે. (૩) પોરબંદરના મ્યુનિસીપલ કમિશ્નર એચ જે પ્રજાપતિની બદલી કરીને તેમને અમરેલીના નવા જિલ્લા વિકાસ અધિકારી બનાવવામાં આવ્યા છે (૪) સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી ના સીઈઓ સુથાર રાજ રમેશચંદ્ર ને હવે પોરબંદરના મ્યુનિસીપલ કમિશ્નર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

| ક્રમ | અધિકારીનુ નામ | પૂર્વ હોદ્દો | નવો હદ્દો / નવી નિમણુંક |
|---|---|---|---|
| ૧ | ગૌરાંગ એચ મકવાણા (આઈએએસ) | ડાયરેકટર ગીડા (અને પ્રભારી એમડી, યુજીવીસીએલ) | એમ ડી. ઉત્તર ગુજરાત વીજ કંપની લી. મહેસાણા |
| ૨ | પ્રભાવ જોશી (આઈએએસ) | મ્યુનિસીપલ કમિશ્નર જુનાગઢ | જોઈન્ટ એમ ડી, જીઆઈડીસી ગાંધીનગર |
| ૩ | એચ જે પ્રજાપતિ (આઈએએસ) | મ્યુનિસીપલ કમિશ્નર પોરબંદર | જિલ્લા વિકાસ અધિકારી અમરેલી |
| ૪ | કે જે રાઠોડ (આઈએએસ) | નિયામક કૌશલ્ય વિકાસ ગાંધીનગર | એમ ડી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. સુરત |
| ૫ | સુથાર રાજ રમેશચંદ્ર (આઈએએસ) | સીઈઓ સુરત શહેરી વિકાસ સત્તામંડળ | મ્યુનિસીપલ કમિશ્નર પોરબંદર મહાનગરપાલિકા |
| ૬ | મહેશ શાંતિલાલ જાની (આઈએએસ ) | ચેરમેન, ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ | મિશન ડાયરેકટર ગુજરાત અર્બન લાઈવલી ફુડ મિશન, ગાંધીનગર |
| ૭ | સ્મિત સંતોષ લોઢા (આઈએએસ) | ડીડીઓ દાહોદ | ડે.મ્યુનિસીપલ કમિશ્નર સુરત |
| ૮ | કે પી જોશી (આઈએએસ) | એમ ડી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. | ડીડીઓ દેવભુમિ દ્વારકા |
| ૯ | ડી કે બ્રહ્મભટ્ટ (આઈએએસ) | એમ ડી, ગુજરાત મેડીકલ સર્વિસિસ કોર્પોરેશન | ડીડીઓ ગાંધીનગર |
| ૧૦ | એમ પી પંડયા (આઈએએસ) | રજીસ્ટ્રાર ઓફ કો.ઓપરેટીવ સોસાયટીઝ ગાંધીનગર | એમ ડી, ગુજરાત મેડીકલ સર્વિસિસ કોર્પોરેશન લી. ગાંધીનગર |
| ૧૧ | હિરેન જીતેન્દ્રભાઈ બારોટ (આઈએએસ) | પ્રોજેકટ એડમિનીસ્ટેટર ટીએએસપી અરવલ્લી | ડીડીઓ દાહોદ |
| ૧૨ | બી કે જોશી (આઈએએસ) | એકિઝકયુટીવ ડીરેકટર જીઆઈડીસી ગાંધીનગર | રજીસ્ટ્રાર ઓફ કો.ઓપરેટીવ સોસાયટીઝ ગાંધીનગર |
| ૧૩ | આર એન કુચારા (આઈએએસ) | નિયામક ડીઆરડીએ અરવલ્લી | રીજીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસીપાલીટીઝ રાજકોટ |
| ૧૪ | સી બી ગણાત્રા (આઈએએસ) | અંગત સચિવ (પીએસ) રાજય કક્ષાના મંત્રી જળસંપત્તિ | એમ ડી, ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ ગાંધીનગર |
| ૧૫ | સી એ ગાંધી (આઈએએસ) | સંયુકત નિયામક નાગરીક પુરવઠા નિયામક કચેરી | રીજીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસીપાલીટીઝ વડોદરા |
| ૧૬ | બી એન પટેલ (આઈએએસ) | એકિઝકયુટીવ ડીરેકટર ગુજરાત ગેસ લીમીટેડ | એકિઝકયુટીવ ડીરેકટર, ગુજરાત ગેસ લી. (યથાવત) |
| ૧૭ | એમ કે જોશી (આઈએએસ) | સચિવ, પંચાયત સેવા પસંદગી મંડળ | સીઈઓ, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-એસએજી) |
| ૧૮ | એ કે જોશી (આઈએએસ) | કોમ્પ્ટ્રોલર ઓફ હાઉસ હોલ્ડ રાજભવન | એમ ડી, બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ |
| ૧૯ | કે એસ ઝાલા (આઈએએસ) | જોઈન્ટ એમડી, ગુજરાત પ્રવાસન નિગમ | ડીડીઓ ડાંગ-આહવા |
| ૨૦ | વી કે જાધવ (આઈએએસ) | નિયામક વિકસતિ જાતિ કલ્યાણ ગાંધીનગર | નિયામક વિકસતિ જાતિ કલ્યાણ ગાંધીનગર (યથાવત) |
| ૨૧ | ડી કે પટેલ (આઈએએસ) | ઓએસડી ભૌગોલીક અને ખનીજ નિયામક કચેરી | ડાયરેકટર, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી |
| ૨૨ | બી એચ પટેલ (આઈએએસ) | અધિક કલેકટર (સિંચાઈ ) વડોદરા | એમ ડી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ |
| ૨૩ | એમ ડી ચુડાસમા (આઈએએસ) | નિવાસી અધિક કલેકટર (આરએસી) વલસાડ | એમડી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. રાજકોટ |
| ૨૪ | આઈ આર વાળા (આઈએએસ) | સચિવ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત | મ્યુનિસીપલ કમિશ્નર જુનાગઢ મહાનગરપાલિકા |
| ૨૫ | ડો.બી એસ પ્રજાપતિ (આઈએએસ) | અધિક કલેકટર (નર્મદા) વડોદરા | એમ ડી, ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લીમીટેડ |
| ૨૬ | વી જી પટેલ (આઈએએસ) | સંયુકત કમિશ્નર, પ્રાદેશિક વિશ્લેષણ સમિતિ સુરત | અધિક ગ્રામ વિકાસ કમિશ્નર ગાંધીનગર |
| ૨૭ | એ કે વસ્તાણી (આઈએએસ) | નિયામક ડીઆરડીએ રાજકોટ | નિયામક, રોજગાર અને તાલીમ ગાંધીનગર |
| ૨૮ | પી બી રાઠોડ (આઈએએસ) | સીઈઓ ગુજરાત રાજય વકફ બોર્ડ | નિયામક, કૌશલ્ય વિકાસ (સ્કીલ ડેવલપમેન્ટ ગાંધીનગર) |

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૨૧/૦૭/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૦ | ૧,૪૫૦.૦૦ | ૧,૬૫૦.૦૦ |
| ૨ | એરંડા | ૬૨ | ૧,૪૧૬.૦૦ | ૧,૪૨૩.૦૦ |
| 3 | ઘઉં | ૬૬ | ૫૨૦.૦૦ | ૫૪૪.૦૦ |
| ૪ | બાજરી | ૨૮ | ૪૮૬.૦૦ | ૪૯૫.૦૦ |
| ૫ | મકાઇ | ૬૫ | ૪૯૨.૦૦ | ૪૯૬.૦૦ |
| ૬ | સોયાબીન | ૧૦ | ૧,૩૧૬.૦૦ | ૧,૩૮૩.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# સુરતમાં બિસ્માર રોડ રસ્તાઓને લઈને સાંસદ ધોળકીયાનો આક્રોશ: વિડીયો વાયરલ થતા મનપા તંત્ર પર ઉઠયા સવાલ

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્માર્ટ સીટી તરીકે ઓળખાતા સુરતમાં રોડ રસ્તાની બિસ્માર હાલત ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી છે.




રાજય સભાના સાંસદ અને જાણીતા ઉદ્યોગપતિ ગોવિંદ ધોળકીયાએ ઈચ્છાપોરથી એરપોર્ટ તરફ જતા રોડ રસ્તાની દયનીય સ્થિતિ જોઈને ભારે નારાજગી વ્યકત કરી હતી. તેમણે કારમાંથી જ રોડ રસ્તાની હાલતનો વિડીયો બનાવી તંત્ર સામે આક્રોશ વ્યકત કર્યો હતો. બાદમાં આ વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થતા શહેરમાં રાજકીય અને સામાજિક ચર્ચાનો માહોલ સર્જાયો છે. વિડીયોમાં ગોવિંદ ધોળકીયાએ રોડ રસ્તાઓ પર પડેલા મોટા ખાડા, કાદવ અને વરસાદી પાણીના કારણે ઉભી થયેલી મુશ્કેલીઓ દર્શાવતા કહ્યુ હતુ કે સુરતની શરમજનક સ્થિતિ છે, કોઈના પેટનુ પાણી નથી હલતુ, તેમના આ નિવેદન બાદ મનપાની કામગીરીને લઈ અનેક સવાલો ઉભા થયા છે. ગોવિંદ ધોળકીયાના અંગત સહાયક ભાવેશભાઈ ના જણાવ્યા અનુસાર વિડીયો રવિવારે બનાવવામાં આવ્યો હતો અને તેનો હેતુ માત્ર શહેરની સ્થિતિ અંગે જવાબદાર તંત્રનુ ધ્યાન દોરવાનો હતો. આ વિડીયો મેયર માયા માવાણી, સ્ટેન્ડીગ કમિટી ચેરમેન રાજન પટેલ,મ્યુનિસીપલ કમિશ્નર એમ નાગરાજન અને શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલને વ્યકિતગત રીતે મોકલવામાં આવ્યો હતો. વિડીયો સોશીયલ મીડીયામાં કેવી રીતે વાયરલ થયો તેની જાણકારી તેમને નથી. વિડીયો વાયરલ થતા સોશીયલ મીડીયા પર લોકો મનપાની કામગીરી અને રોડ મેન્ટેનન્સને લઈને ટીકા કરી રહ્યા છે. ઘણા યુઝર્સે સવાલ ઉઠાવ્યો છે કે જો સાંસદને પણ આવી સ્થિતિનો સામનો કરવો પડે છે તો સામાન્ય નાગરીકોની સમસ્યાઓ કેટલી ગંભીર હશે. ઈચ્છાપોર વિસ્તાર અને સુરત ડાયમંડ બુર્સ ને જોડતો માર્ગ હિરા ઉદ્યોગ માટે મહત્વનો માનવામાં આવે છે. આ રોડ પરથી દેશ વિદેશના વેપારીઓની અવર જવર રહેતી હોવાથી બિસ્માર રોડ રસ્તાઓ શહેરની છબીને પણ અસર પહોચાડી રહ્યા હોવાનુ ઉદ્યોગકારો નુ માનવુ છે. મનપા દ્વારા વરસાદ પહેલા રોડ રીપેરીંગ અને પ્રિ-મોન્સુન કામગીરીના કરાયેલા દાવાઓ વચ્ચે આ વિડીયો સામે આવતા તંત્રની કામગીરી ફરી ચર્ચામાં આવી છે. હવે લોકોની નજર એ વાત પર છે કે રોડ રસ્તાઓની સમસ્યાના નિરાકરણ માટે તંત્ર કેટલા ઝડપી પગલા ભરે છે.

# ગુજરાત સરકારે ટ્રાઈબલ- આદિવાસી વિસ્તારોમાં ૧૩૯ જેટલી બસોનુ લોકાર્પણ કર્યુ

## ૧૪ આદિવાસી જિલ્લાઓ માટે શરૂ થશે નવી પરીવહન સેવા : વલસાડ થી સાબરકાંઠા સુધીના ગામડાઓને જોડવાનો પ્રયાસ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગાંધીનગરમાં આદિવાસી વિસ્તારોમાં જાહેર પરીવહન વ્યવસ્થા વધુ મજબુત બનાવવા માટે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ પહેલ કરી છે. બિરસામુંડા જનજાતિય ગૌરવ પરીવહન સેવા અંતર્ગત ૧૪ આદિવાસી જિલ્લાઓ માટે ૧૩૯ નવી બસોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. મુખ્યમંત્રી દ્વારા બસોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ અને વાહન વ્યવહાર મંત્રી પ્રવિણ માળી ઉપસ્થિત રહ્યા હતા. લોકાર્પણ કાર્યક્રમ પહેલા નવી બસનુ વિધિવત પુજન કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ બસ ડ્રાઈવરને પ્રતિકાત્મક ચાવી અર્પણ કરી હતી. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી સહિત ઉપસ્થિત નેતાઓ બસમાં સવાર થયા હતા અને ઈ-બસને પ્રસ્થાન કરાવ્યુ હતું. બસોના લોકાર્પણ પ્રસંગે આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતુ પરંપરાગત આદિવાસી નૃત્ય પણ રજુ કરવામાં આવ્યુ હતું. બિરસામુંડાની ૧૫૦ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે આ ૧૩૯ બસોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હોવાનુ જણાવાયુ છે. સરકારના જણાવ્યા મુજબ આ બસોનો મુખ્ય હેતુ આદિવાસી વિસ્તારોમાં રહેતા લોકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે જાહેર પરીવહનની સુવિધા વધુ સરળ અને સુલભ બનાવવાનો છે. ગુજરાતના અનેક આદિવાસી વિસ્તારો ભૌગોલીક રીતે અંતરીયાળ અને સરહદી વિસ્તારોમાં આવેલા છે. આવા વિસ્તારોમાં શાળા અને કોલેજ સુધી પહોચવા માટે વિદ્યાર્થીઓને લાંબુ અંતર કાપવુ પડે છે. ખાસ કરીને ગુજરાતની સરહદને અડીને આવેલા મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ગામોમાં વસતા પરીવારો માટે શિક્ષણ અને રોજીંદા અવરજવર માટે નિયમિત પરીવહન વ્યવસ્થા મહત્વપૂર્ણ બની રહે છે. આ નવી બેસ સેવા અંતર્ગત વલસાડ થી લઈને સાબરકાંઠા સુધીના આદિવાસી અને સરહદી વિસ્તારોને આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતના પૂર્વ પટ્ટામાં આવેલા અનેક આદિવાસી વિસ્તારો મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદ નજીક આવેલા છે. અહીંના ગામોમાં જાહેર પરીવહનની ઉપલબ્ધતા સ્થાનિક લોકો માટે જીવન જરૂરીયાતની સુવિધા સમાન છે. સરકારના જણાવ્યા મુજબ નવી બસો ખાસ કરીને એવા વિસ્તારોમાં દોડાવવામાં આવશે જયાં પરીવહન સુવિધાની અછતના કારણે વિદ્યાર્થીઓ અને સ્થાનિક લોકોને મુશ્કેલી પડતી હોય, બસ સેવા શરૂ થવાથી વિદ્યાર્થીઓ ઉપરાંત નોકરીયાતો, ખેડુતો, મહિલાઓ અને અન્ય સ્થાનિક નાગરીકોને પણ અવર જવરમાં લાભ મળી શકે છે.

# કોવિડ-૧૯ દરમિયાન ફરજ પર મૃત્યુ પામનારા GSRTCનાં ડ્રાઈવર, કંડક્ટરો સહિત ૧૧૫ કર્મચારીઓના પરિવારજનોને રૂ.૨૫-૨૫ લાખની સહાય ચૂકવાશે

કોરોના મહામારી દરમિયાન નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતાં કોવિડ સંક્રમણના કારણે જીવ ગુમાવનારા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના ૧૧૫ કર્મચારીઓના પરિવારોને રૂ. ૨૫ લાખની એક્સ-ગ્રેશિયા સહાયના ચેકનું વિતરણ ૨૭ જુલાઈ (બુધવાર)ના રોજ ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ-૧ સ્થિત નર્મદા હોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં કરવામાં આવશે.

આ પહેલ હેઠળ કુલ રૂ. ૨૮.૭૫ કરોડની આર્થિક સહાય આપવામાં આવશે, જે ગુજરાત સરકારની કર્મચારીઓના પરિવારો પ્રત્યેની સંવેદનશીલતા અને કોરોના જેવી વિકટ પરિસ્થિતિમાં જાહેર સેવા આપનારા કર્મચારીઓના યોગદાનને સન્માનિત કરવાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

રાજ્યના જાહેર પરિવહનની કરોડરજ્જુ સમાન GSRTC દરરોજ ૮,૦૦૦થી વધુ બસોનું સંચાલન કરે છે. દરરોજ ૩૪ લાખ કિલોમીટરથી વધુનું સંચાલન કરીને ૨૭ લાખથી વધુ મુસાફરોને પરિવહન સેવા પૂરી પાડે છે. કોર્પોરેશનના ડ્રાઈવરો, કંડક્ટરો અને મિકેનિકો રાજ્યમાં જાહેર પરિવહન વ્યવસ્થાને સતત કાર્યરત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, "કોવિડ-૧૯ મહામારી દરમિયાન વર્ષ ૨૦૨૦–૨૧માં GSRTCએ ગુજરાતમાં રહેતા પ્રવાસી શ્રમિકો અને મજૂરોને તેમના વતન સુધી સુરક્ષિત પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કોર્પોરેશને ત્રણ રાજ્યોમાં ૨૨,૯૫૩ ટ્રિપ્સનું સંચાલન કરીને કુલ ૬,૯૯,૩૫૭ મુસાફરોને તેમના વતન સુધી પહોંચાડ્યા હતા."

શ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે, આ વિશાળ રાહત કામગીરી દરમિયાન અનેક અધિકારીઓ અને કર્મચારીઓ ફરજ બજાવતાં કોવિડ-૧૯થી સંક્રમિત થયા હતા અને કુલ ૧૧૫ કર્મચારીઓએ જીવ ગુમાવ્યો હતો. મૃત્યુ પામનારાઓમાં ૩૯ ડ્રાઈવર, ૩૧ કંડક્ટર, ૨૯ વહીવટી કર્મચારીઓ અને ૧૬ મિકેનિકનો સમાવેશ થાય છે, જે દર્શાવે છે કે કોર્પોરેશનના વિવિધ વર્ગના કોરોના વોરિયરોએ આ મહામારી સામે લડતમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. શ્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે, "ફરજ દરમિયાન કોવિડ સંક્રમિત થયેલા કર્મચારીઓની ઓળખ માટે કોર્પોરેશન દ્વારા રચાયેલી સમિતિએ વિગતવાર ચકાસણી કર્યા બાદ પાત્ર દરેક કર્મચારીના કાયદેસરના વારસદારોને રૂ. ૨૫ લાખની આર્થિક સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મૃત્યુ પામેલા GSRTC કર્મચારીઓના પરિવારોને આર્થિક સહાય આપવાનો નિર્ણય કર્યો છે. આ સહાય કોર્પોરેશનના કોરોના વોરિયર્સની નિષ્ઠા, સેવા અને બલિદાનને અર્પિત શ્રદ્ધાંજલિ સમાન છે." ઉલ્લેખનીય છે કે, કોવિડ ૧૯ ફરજ દરમિયાન રાજ્ય સરકારના કર્મચારી અધિકારીઓના મૃત્યુના કિસ્સામાં તેમને કોરોના વોરિયર ગણીને તેમના પરિવારજનોને આ સહાય ચૂકવવા પરિપત્ર થયેલો હતો. પરંતુ GSRTC નિગમ હોવાથી તેમના પરિવારજનોને આ સહાયનો લાભ મળવા અંગે આંટીઘૂંટી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ખૂબ જ સંવેદના સાથે આ મુદ્દાને ધ્યાનમાં લઈને તેનો રસ્તો નીકળ્યો અને ડ્રાઈવર કંડકટર સહિત ૧૧૫ કર્મચારીઓને કોરોના વોરિયર ગણવા અને તેમના પરિવારને પણ રૂ.૨૫ લાખની સહાય ચૂકવવા મહત્વનો નિર્ણય લીધો.

# જો તે પાછી આવશે તો બાળકો માટે હું તેને આજે પણ અપનાવી લઈશ: સુરત માં લાચાર અને પીડીત પતિની કરૂણ આજીજી

પ્રતિનિધિ,ગાંધીનગર

સમાજ કઈ દિશામાં જઈ રહ્યો છે તે વિચારવા મજબુર કરી દેતી એક અત્યંત શરમજનક અને કરૂણ ઘટના સુરતમાં બનવા પામી છે. વિજાપુરમાં પ્રેમમાં અંધ બનેલી પત્નીએ પતિની હત્યા કરાવ્યાનો બનાવ હજુ નવો જ છે. ત્યાં જ સુરતના નાનપુરા વિસ્તારમાં કૌટુંબિક ભત્રીજા સાથે ફોઈ ભાગી જતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.




નાનપુરા અને રૂદરપુરા વિસ્તારમાં એક મહિલા પોતાના બે માસુમ સંતાનો અને પ્રેમ લગ્ન કરનાર પતિને છોડીને પોતાના જ કૌટુંબિક ભત્રીજા સાથે ભાગી ગઈ છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે પીડીત પતિ (પંકજભાઈ) ના જણાવ્યા અનુસાર તેમણે લગભગ ૧૨ વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા. મહિધરપુરા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા આ દંપત્તિને સંતાનમાં એક દીકરી અને એક દિકરો છે. સામાન્ય આવકમાં પણ તેમનો પરીવાર ખુબ ખુશખુશાલ જીવન જીવી રહ્યો હતો, પરંતુ લગભગ બે વરસ પહેલા પત્ની ના કૌટુંબિક ભત્રીજો શંકરની તેમના જીવનમાં એન્ટ્રી થઈ હતી. શંકરે શરૂઆતમાં પોતાના કાકા સાથે મિત્રતા કેળવીને ઘરમાં નિયમિત આવ-જા શરૂ કરી અને આ મિત્રતાની આડમાં જ કાકાની પત્ની સાથે અશિક્ષિત સંબંધો બાંધી લીધા, જયારે પંકજભાઈને આ આડા સંબંધોની જાણ થઈ ત્યારે તેમણે ઘરમાં ઝઘડો કરવાને બદલે બે માસુમ બાળકોના ભવિષ્યનો વિચાર કરીને પત્નીને શાંતિથી સમજાવી હતી, તે સમયે પત્નીએ પોતાની ભુલ સ્વીકારી ભવિષ્યમાં આવુ ન કરવાની ખાત્રી આપી હતી. પરંતુ બહારથી સંબંધો પુરા થયાનુ નાટક કરીને પતિ નોકરી પર જાય ત્યારે શંકર ઘરમાં આવતો અને બંને સંપર્કમાં રહેતા હતા.

એક દિવસ પત્ની ઘરમાંથી રોકડા રૂપીયા અને ૪ જોડી સોનાની બુટ્ટી લઈને ભત્રીજા શંકર સાથે ભાગી ગઈ, પત્નીના આ વિશ્વાસઘાતના ૩ દિવસ બાદ પીડીત પતિના પિતાનુ પણ દુ:ખદ અવસાન થયુ હતું. એક સાથે આવેલી આ આફતોથી ભાંગી પડેલા પીડીત પતિએ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. હાલ બંને માસુમ બાળકોનુ ભવિષ્ય અંધકાર બની જવા પામ્યુ છે. સ્થાનિક અઠવા પોલીસ સ્ટેશનમાંથી યોગ્ય મદદ ન મળતા પીડીત પતિએ આખરે એક કરૂણ વિડીયો બનાવીને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી પાસે ન્યાયની ગુહાર લગાવી છે. આટ આટલો વિશ્વાસઘાત અને બદનામી સહન કર્યા પછી પણ, એક લાચાર પિતા તરીકે પંકજભાઈ પત્નીને માફ કરવા તૈયાર છે, તેમણે એક વિડીયો બનાવીને જણાવ્યુ છે કે અમારો કોઈ ઝઘડો ન હતો થયો, મારી પત્નીની જે પણ ભુલ હોય, હું તેને ભુલીને પાછી અપનાવવા તૈયાર છું, બસ મારા દિકરા દીકરીને તેમની મા મળી જાય અને ઘર તુટતુ બચી જાય, પણ આ કૃત્ય કરાવનાર ભત્રીજા શંકર અને તેનો સાથ આપનારાઓને કડકમાં કડક સજા થવી જોઈએ.

આ સમગ્ર મામલે પીડીત પતિના આક્ષેપ મુજબ અઠવા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ તેમને સરખો જવાબ આપતા નથી અને બેજવાબદાર વલણ અપનાવી રહ્યા છે. જયારે પંકજે પત્નીનો ફોટો સોશીયલ મીડીયા પર વાયરલ કર્યો ત્યારે તે પોલીસ ચોકી પર હાજર થઈ હતી. તેમ છતાં પોલીસે કોઈ નકકર પગલા લીધા ન હતા, સુરતનો આ કિસ્સો પવિત્ર કૌટુંબિક સંબંધોને લજવનારો છે. કોઈ પત્ની પતિ ની હત્યા કરાવે છે, તો કોઈ બે માસુમ બાળકો અને પતિને રઝળતા મુકીને ભાગી જાય છે. સતત વધી રહેલા આવા બનાવે આજે દંપત્તિ જીવનના પાયા પર ગંભીર સવાલો મુકે છે.

# જમ્મુ-કાશ્મીરમાં આકાશી આફત: બે દિવસમાં ૨૪નાં મોત, અમરનાથ અને વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત

(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં સતત બીજા દિવસે પણ ભારે વરસાદ, ભૂસ્ખલન અને પૂર જેવી કુદરતી આફતોએ ભારે વિનાશ સર્જ્યો છે. છેલ્લા બે દિવસ દરમિયાન વિવિધ હવામાન સંબંધિત દુર્ઘટનાઓમાં કુલ ૨૪ લોકોનાં મોત થયા છે, જ્યારે છ લોકો હજુ પણ લાપતા હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. સૌથી વધુ અસર પૂંછ અને રાજૌરી જિલ્લાઓમાં જોવા મળી છે, જ્યાં અનેક મકાનો ધરાશાયી થયા છે અને રસ્તાઓને ભારે નુકસાન પહોંચ્યું છે.

પૂંછ જિલ્લાના સુરનકોટ વિસ્તારના લોરન ગામમાં સૌથી કરૂણ ઘટના બની હતી. પહાડ પરથી ભારે કાદવ અને મલબો એક કાચા મકાન પર ધસી પડતાં એક જ પરિવારના સાત સભ્યોનાં મોત થયા હતા. મૃતકોમાં ચાર મહિલાઓનો પણ સમાવેશ થાય છે. બચાવ દળોએ સ્થળ પર પહોંચી રાહત અને શોધખોળની કામગીરી શરૂ કરી હતી, પરંતુ ખરાબ હવામાનના કારણે કામગીરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદને કારણે અમરનાથ યાત્રા, માતા વૈષ્ણોદેવી યાત્રા, શિવખોડી અને અન્ય ધાર્મિક યાત્રાઓને સુરક્ષાના કારણોસર તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવી છે. કટરા ખાતે હજારો શ્રદ્ધાળુઓ યાત્રા ફરી શરૂ થવાની રાહ જોઈ રહ્યા છે. વૈષ્ણોદેવી માર્ગ પર અનેક સ્થળોએ પથ્થરો પડવાની અને ભૂસ્ખલનની ઘટનાઓ નોંધાઈ છે. શ્રાઈન બોર્ડ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ માર્ગોને સુરક્ષિત બનાવવા સતત કામગીરી કરી રહ્યા છે. રાજૌરી અને પૂંછ જિલ્લામાં થયેલી દુર્ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૨૧ લોકોનાં મોત નોંધાયા છે. તવી અને ચિનાબ સહિતની મુખ્ય નદીઓ અને અનેક નાળાઓ જોખમી સપાટીએ વહી રહ્યા છે.

રાજૌરીમાં પૂરગ્રસ્ત મનાવર નદીમાંથી હેલિકોપ્ટરની મદદથી એક મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. રાજ્ય સરકાર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે.મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારજનોને ૬ લાખની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે. તેમણે અધિકારીઓને રાહત અને બચાવ કામગીરી વધુ ઝડપથી પૂર્ણ કરવા તથા અસરગ્રસ્ત પરિવારોને જરૂરી સહાય પહોંચાડવાના નિર્દેશ આપ્યા છે.ડોડા જિલ્લામાં ભદ્રવાહથી જમ્મુ જતી બસ પર વિશાળ ખડક પડતાં બે મુસાફરોના મોત થયા હતા, જ્યારે ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સતત વરસાદના કારણે અનેક માર્ગો બંધ થઈ ગયા છે અને કેટલાક ગામોનો સંપર્ક તૂટી ગયો છે. ભારતીય હવામાન વિભાગે આગામી ૪૮ કલાક માટે ભારે વરસાદ, ભૂસ્ખલન અને અચાનક પૂરનું એલર્ટ જાહેર કર્યું છે. લોકોને પહાડી વિસ્તારોમાં બિનજરૂરી મુસાફરી ટાળવા અને સ્થાનિક વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. હાલ સમગ્ર વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે.

## જિલ્લા સ્તરે મીડિયા મોનિટરિંગ સેલ બનશે

# સોશિયલ મીડિયા પર કડક નિયંત્રણ તરફ બિહાર સરકારનું મોટું પગલું

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના

બિહાર સરકારે સોશિયલ મીડિયાના દુરુપયોગ, ફેક ન્યૂઝ, અફવાઓ અને ભડકાઉ પોસ્ટ્સ પર નિયંત્રણ લાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય કેબિનેટે બિહાર કંટ્રોલ ઓફ ક્રાઈમ્સ એક્ટ (BCCA)–૨૦૨૪માં સુધારાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. નવા નિયમો હેઠળ સોશિયલ મીડિયા પર કાયદો-વ્યવસ્થાને અસર કરતી, અફવા ફેલાવતી અથવા વાંધાજનક સામગ્રી પોસ્ટ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા સ્તરીય મીડિયા મોનિટરિંગ અને મીડિયા મેનેજમેન્ટ સેલની સ્થાપના પણ કરવામાં આવશે. સરકારના આદેશ મુજબ દરેક જિલ્લામાં રચાનાર આ સેલ ડિજિટલ અને પરંપરાગત બંને પ્રકારના મીડિયાની સતત દેખરેખ રાખશે. ફેસબુક, યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ, એક્સ (પૂર્વે ટ્વિટર), ન્યૂઝ પોર્ટલ, ટીવી ચેનલો અને અખબારોમાં પ્રસિદ્ધ થતી સામગ્રીનું વિશ્લેષણ કરવામાં આવશે. જો કોઈ પોસ્ટ, વીડિયો, રીલ અથવા સમાચાર ખોટી, ગેરમાર્ગે દોરનારી અથવા અપ્રમાણિત માહિતી ધરાવતા હોવાનું જણાશે તો સંબંધિત વિભાગો પાસેથી માહિતી મેળવી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર પડે તો તેનું સત્તાવાર ખંડન પણ કરવામાં આવશે.નવી વ્યવસ્થા મુજબ જિલ્લા સ્તરીય મીડિયા મોનિટરિંગ સેલની અધ્યક્ષતા અધિક કલેક્ટર કરશે. સમિતિમાં નાયબ પોલીસ અધિક્ષક, આપત્તિ વ્યવસ્થાપન વિભાગના અધિકારી તેમજ જિલ્લા માહિતી અને જનસંપર્ક અધિકારીનો સમાવેશ કરવામાં આવશે. જિલ્લા માહિતી અને જનસંપર્ક અધિકારીને સેલના નોડલ અધિકારી તરીકે જવાબદારી સોંપવામાં આવશે. આ ટીમ સોશિયલ મીડિયા પર વાયરલ થતી સામગ્રી પર નજર રાખીને જરૂરી વહીવટી પગલાં લેવા માટે જવાબદાર રહેશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ વ્યક્તિની સોશિયલ મીડિયા પ્રવૃત્તિથી સામાજિક તણાવ, અશાંતિ અથવા કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચવાની શક્યતા જણાશે તો તેની સામે બિહાર કંટ્રોલ ઓફ ક્રાઈમ્સ એક્ટ હેઠળ કાર્યવાહી થઈ શકશે. આવા કેસોમાં જિલ્લા મેજિસ્ટ્રેટને વિશેષ સત્તા આપવામાં આવી છે. કાયદા હેઠળ સંદિગ્ધ વ્યક્તિને ત્રણ મહિના સુધી અટકાયતમાં રાખવા, જિલ્લાની હદ બહાર મોકલવા અથવા નિયમિતપણે પોલીસ સ્ટેશનમાં હાજરી આપવા જેવા આદેશ પણ આપવામાં આવી શકે છે. બિહાર સરકારનું કહેવું છે કે આ પગલું સોશિયલ મીડિયા પર વધતી અફવાઓ, ભડકાઉ પોસ્ટ્સ અને ખોટી માહિતીના પ્રસારને રોકવા તેમજ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે લેવામાં આવ્યું છે. જોકે નવા નિયમોને લઈને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને તેના અમલીકરણ અંગે ચર્ચા પણ તેજ બનવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ભોપાલમાં AIIMSની નર્સિંગ ઓફિસરનું ફાંસીથી મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

ભોપાલ સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સિસ (AIIMS)માં ફરજ બજાવતા એક નર્સિંગ ઓફિસરનું તેમના નિવાસસ્થાને ફાંસીના હાલતમાં મૃતદેહ મળતા વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. મૃતકની ઓળખ દિવ્યા તરીકે થઈ છે. તેઓ મૂળ તમિલનાડુના રહેવાસી હતા અને હાલ ભોપાલના અવધપુરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી સુભાષ વિલા કોલોનીમાં પોતાના બે નાના બાળકો સાથે રહેતા હતા. માહિતી અનુસાર, લગભગ બે મહિના પહેલાં જ તેમના પતિનું પણ અવસાન થયું હતું. ત્યારબાદ દિવ્યા પોતાના આઠ વર્ષના પુત્ર અને ત્રણ વર્ષની પુત્રી સાથે ભોપાલમાં રહેતા હતા. પરિવાર પર આવેલા આ સતત આઘાતે સમગ્ર ઘટનાને વધુ કરુણ બનાવી દીધી છે. પોલીસના જણાવ્યા મુજબ, ઘટનાના દિવસે દિવ્યાએ બાળકોને શાળાએ મોકલ્યા હતા. ત્યારબાદ તેઓ પોતાના રૂમમાં ગયા હતા. લાંબા સમય સુધી રૂમનો દરવાજો ન ખુલતાં ઘરમાં હાજર કેરટેકરને શંકા ગઈ.

અનેક વખત અવાજ આપવા છતાં કોઈ પ્રતિસાદ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.પોલીસ ઘટનાસ્થળે પહોંચી દરવાજો તોડી અંદર પ્રવેશી હતી, જ્યાં દિવ્યાનો મૃતદેહ ફાંસીના હાલતમાં મળી આવ્યો હતો. મૃતદેહને કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે અને સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે.

સૌથી કરુણ ક્ષણ ત્યારે સર્જાઈ જ્યારે બંને બાળકો શાળામાંથી ઘરે પરત ફર્યા. તે સમયે પોલીસ સ્થળ પર કાર્યવાહી કરી રહી હતી. બાળકો પોતાની માતાને મળવાની જીદ કરતા રહ્યા, જ્યારે તેમને ઘટનાની ગંભીરતા વિશે કોઈ જાણ નહોતી. આ દશ્ય જોઈને હાજર લોકો અને પોલીસકર્મીઓ પણ ભાવુક બની ગયા હતા.

અવધપુરી પોલીસે જણાવ્યું છે કે ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ મળી આવી નથી. તેથી મોત પાછળનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસે તમામ સંભવિત પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરી છે અને મૃતકના પરિવારજનોને ઘટનાની જાણ કરવામાં આવી છે.

પોલીસનું કહેવું છે કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ, ફોરેન્સિક તપાસ અને અન્ય પુરાવાઓના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. હાલ આ મામલે અકસ્માત, આત્મહત્યા અથવા અન્ય કોઈ સંજોગો અંગે કોઈ નિષ્કર્ષ પર પહોંચવું વહેલું હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

જો તમે અથવા તમારા ઓળખીતામાં કોઈ વ્યક્તિ ભાવનાત્મક તણાવ, નિરાશા અથવા આત્મહત્યાના વિચારોનો સામનો કરી રહ્યા હોય, તો વિશ્વાસુ પરિવારજનો, મિત્ર અથવા માનસિક આરોગ્ય નિષ્ણાતનો સંપર્ક કરવો ખૂબ મહત્વપૂર્ણ છે. સમયસર મળેલી મદદ જીવન બચાવી શકે છે.

**પશ્ચિમ રેલ્વે**

**પુરવઠો અને બદલી કાર્ય**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008, ઈ-ટેન્ડર આમંત્રિત કરે છેનોટિસ નંબર: BCT/26-27/101 તારીખ 17/07/2026. કાર્ય અને સ્થાન: વિરાર-જોરાવાસન વિભાગ - સિનિયર ડેન/નોર્થના અધિકારક્ષેત્ર હેઠળના વિવિધ પુલો પર H-બીમ સ્લીપર ફિટિંગનો પુરવઠો અને રિપ્લેસમેન્ટ. કામની અંદાજિત કિંમત: ₹9,29,34,998.74/- EMD: ₹18,58,700/-. સબમિશનની તારીખ અને સમય: તા.14.08.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.14.08.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0381

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**આધુનિકીકરણ, સુધારણા અને સમારકામના કાર્યો**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008, ક્રમ નં. 1. ઇ-ટેન્ડર સૂચના નં. BCT/26-27/99 તા. 17/07/2026. કાર્ય અને સ્થાન: લોઅર પરેલ - લોઅર પરેલ વર્કશોપ સ્ટોરનું આધુનિકીકરણ અને સુધારણા (સંયુક્ત ટેન્ડર). કાર્યની અંદાજિત કિંમત: ₹ 3,49, 79,544.79/- EMD: ₹ 6,99,600/-. ક્રમ નં. 2. ઇ-ટેન્ડર સૂચના નં. BCT/26-27/100 તા. 17/07/2026. કાર્ય અને સ્થાન: બાંદ્રા (પાલી હિલ-રેલ્વે કોલોની) - 730 દિવસના સમયગાળા માટે દૈનિક ધોરણે સમારકામની જરૂર છે. આશરે. કાર્યનો ખર્ચ: ₹ 1, 12, 14,226.08/- EMD: ₹ 2,24,300/-. બંને ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: તા. 11.08.2026 ના 15:00 કલાક સુધી. બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 11.08.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0384

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ

વિવિધ સામગ્રી પુરવઠો

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નંબર S/39/2026 તારીખ 17.07.2026

| ક્ર.નં. | ટેન્ડર નંબર | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|---|
| 327 | 06261185 | 4.5 કિલોવોટનું બ્રશલેસ અલ્ટરનેટર | 260 નંગ | 03-સપ્ટેમ્બર-26 |
| 328 | 06261419 | મોબાઇલ કોન્ટેક્ટ એસેમ્બલી | 1837 નંગ | 01-સપ્ટેમ્બર-26 |
| 329 | 23263585 | CC પોલી યુરેથેન સાઇડ બેરર પેડ એસેમ્બલી | 1730 નંગ | 31-ઓગષ્ટ-26 |
| 330 | 24262546 | ગિયર બોક્સ ઓઇલ | 26402 લિટર | 19-ઓગષ્ટ-26 |
| 331 | 22265008 | ઇલેક્ટ્રિકલી ઓપરેટેડ વિન્ડ સ્ક્રીન વાઇપર એસેમ્બલીનો પુરવઠો, ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ પૂર્ણ | 208 સેટ | 19-ઓગષ્ટ-26 |
| 332 | 09265016 | કૂલિંગ સિસ્ટમ સાથે પૂર્ણ ટ્રેક્શન ટ્રાન્સફોર્મર | 1 નંગ | 17-ઓગષ્ટ-26 |
| 333 | 22265031 | મુખ્ય કોમ્પ્રેસર ઓનબોર્ડ પ્રકાર (તેલ લ્યુબ્રિકેટેડ) 1745 LPM | 140 નંગ | 17-ઓગષ્ટ-26 |
| 334 | 06265049A | કોપર કેટેનરી વાયર 125 mm2 | 52 કિ.મી. | 14-ઓગષ્ટ-26 |
| 335 | 29262132 | ડ્રગ એલ્યુટિંગ કોરોનરી સ્ટેન્ટ સિસ્ટમ | 200 નંગ | 14-ઓગષ્ટ-26 |
| 336 | 09265003 | હાર્ટિંગ મેક IV કપ્લર | 4 સેટ | 13-ઓગષ્ટ-26 |
| 337 | 06261176 | ઇલેક્ટ્રોનિક રેક્ટિફાયર કમ નિયમનકાર | 90 નંગ | 13-ઓગષ્ટ-26 |

શુધ્ધિપત્ર

ટેન્ડર સૂચના નં.: S-37-2026 તારીખ: 10.07.2026 માટે કૃપા કરીને "20.08.2026" તરીકે ક્રમાંક 313 પર વાંચો

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 0383

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

### યુનિયનો ના હોય તો આયોગની પણ શું જરૂર છે?

# સફાઈ કર્મચારીઓ શહેરહિતમાં વહેલી સવારે બાળકો અને પરિવારને મૂકી સફાઈ કામગીરી કરવા માટે ફરજ બજાવે છે તેમના કામનીકદર કરો :- કરમસિંહ કર્મા રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ

## સફાઈ કામદારોના વારસદારોણે રહેમરાહે નોકરી આપવામાં ભેદભાવ શા માટે?- ભાઈલાલ બી. વૈષ્ણવ

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા) સુરત

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ નવી દિલ્હીના માનનીય સદસ્ય કરમસિંહ કર્માના પ્રમુખ સ્થાને કલેક્ટર કચેરી સુરતના સભાખંડમાં સવારે ૧૧:૩૦ કલાકે સુરત મ.ન.પા સફાઈ કામદાર યુનિયનોના પ્રતિનિધિઓ, મંડળીઓ, આઉટસોર્સ એજન્સીઓ, કોન્ટ્રાકટરો સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા કલેક્ટર તેજસ પરમાર, ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર વાબાંગ જામીર, નાયબ નિયામક વી.એમ પટેલ સમાજ કલ્યાણ ખાતું અને સુરત મ.ન.પાના આરોગ્ય અધિકારી ડો.પ્રદીપ ઉમરીગર અને મોટી સંખ્યામાં યુનિયન આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શરૂઆતમાં કરમાજીએ The Prohibrion of employment as manual Scavnger and their Rehabilitation Act 2013 અંગે સમજ આપી હતી. સુરત શહેરમાં હાલમાં ડ્રેનેજમાં કામગીરી કરતાં ચાર કર્મચારીઓના અવસાન અંગેની નોંધ લઈ માલિક વિરુધ્ધ FIR કરવાની સૂચના આપી હતી. તેમજ મરનાર સફાઈ કર્મચારીઓના વારસદારોને માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી રૂપિયા ૩૦ લાખ સુધીનું વળતર આવા અકસ્માત મૃત્યુ કેસોમાં આપવા જાહેર કરેલ છે. તેમ જણાવી મરણ પામનાર કર્મચારીઓના વારસદારોને રૂપિયા ૩૦ લાખ સુધીનું વળતર આપવા સૂચના આપી હતી.

સુરત મ.ન.પા કર્મચારી યુનિયન વતી જયંતિભાઈ વાઘેલાએ સુરત મ.ન.પા ના યુનિયનોની ઓફિસો રાત્રે ૧૨ વાગે તાળાં તોડી ગેરકાયદેસર કબજો લેવા અંગે અને યુનિયનોના સામાન ઓફિસોમાંથી બહાર ફેંકી દેવા અંગે રજૂઆત કરી હતી. આ અંગે સખત વાંધો લેતા કરમાજીએ તાળાં તોડનાર અધિકારીઓ સામે પણ FIR કરવાની તાકીદ કરી હતી.

સુરત મ.ન.પામાં સફાઈ કર્મચારીઓના દવા અંગેના પ્રશ્નોની પણ રજૂઆત થઈ હતી. ઈકબાલ મોહમ્મદ શેખે સેનેટરી સબ ઈન્સપેક્ટરોની ભરતીમાં અન્યાય થતાં તેઓએ કોર્ટમાં જવું પડયું અને કોર્ટે સુરત ડે. કમિશનર નિધિ સિવાચને બોલાવી જે કર્મચારીઓના પ્રમોશન ખોટી રીતે આપવામાં આવેલા તેઓના હુકમો રદ કરાવેલ અને આ અંગે કોર્ટમાં જવું પડેલ હોય ડે.કમિશ્નર નિધિ સિવાચે યુનિયનો પ્રત્યે પૂર્વગ્રહ રાખી ગેરકાયદેસર રીતે યુનિયન ઓફિસોના કબજા લઈ લીધા હતા. એવી રજૂઆત કરી હતી. જે અંગે કરમાજીએ જણાવેલ કે, યુનિયનની એક્ટિવિટી આખા દેશમાં ચાલે છે. દિલ્હીમાં પણ ચાલે છે.ત્યારે સુરત પણ તેમાંથી બાકાત નથી. શ્રીમતી નિધિ સિવાચને બોલાવી યુનિયનોની ઓફિસો અંગે પૂછતા તેઓએ યુનિયનો ધ્વારા સભ્ય સંખ્યા, હોદ્દેદારોની વિગતો, રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ વિગેરે આપતા ના હોય તેવી ખોટી રજૂઆત કરેલી. આ અંગે



યુનિયનના પ્રતિનિધિઓએ જણાવેલું કે દર વર્ષે ટ્રેડ યુનિયન એક્ટ ૧૯૨૬ ની જોગવાઈઓ મુજબ દરેક યુનિયને ૨૯ સપ્ટેમ્બર પહેલા યુનિયનની સભ્ય સંખ્યા, હોદ્દેદારોની વિગતો, રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ સંસ્થામાં રજૂ કરવાની હોય છે. અને તે મુજબ વર્ષોથી તમામ યુનિયનો આ પ્રમાણેની માહિતી પૂરી પાડે છે. તેમ છતાં તેઓ પ્રત્યે ભેદભાવ અને કિન્નાખોરી રાખી યુનિયનોની ઓફિસોના અડધી રાત્રે તાળાં તોડાવી કબજા લેવડાવ્યા છે. કરમાજીએ સુરત મ્યુ.કમિશ્નરને ટેલિફોનિક વાત કરી યુનિયનોના પ્રતિનિધિઓને સાંભળવા અને તેઓના પ્રશ્નોનો નિકાલ કરવા જણાવતા કમિશનરે યુનિયનોના હોદ્દેદારોને બોલાવી તેઓના પ્રશ્નોનો નિકાલ કરવા જણાવેલ છે.

આ મિટિંગમાં વિજય શેણમારે, શશીકાન્તભાઈ સોલંકી, હરીશભાઈ રાઠોડ, સુભાષભાઈ સોલંકી, કિરીટ વાઘેલા, અજયભાઈ સોલંકી વિગેરેએ રજુઆતો કરી હતી. સુરત મ.ન.પા કર્મચારી મહાસંઘના પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવે રહેમરાહે સફાઈ કામદારોની ભરતીમાં વાલ્મીકિ સમાજના કર્મચારીઓના વારસદારોને અન્યાય થતું જણાવી રજૂઆતો કરી હતી. આ મિટિંગમાં દિલિપભાઈ દેસાઈ, જગદીશ પટેલ, અર્જુન વિરાસ,મોહનભાઈ રાઠોડ, ભરતભાઈ ઠાકુર વિગેરે હાજર રહ્યા હતા. કરમાજીએ વધુમાં જણાવ્યુ હતું કે, એક દેશમાં એક કાયદો ચાલે જે અમદાવાદ માં હોય તે સુરતમાં પણ હોવો જ જોઈએ. તમામ અરજદારોની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળી તેના યોગ્ય નિકાલ માટે જે તે અધિકારીનું ધ્યાન દોર્યું હતું. તેમજ મિટિંગની મિનિટસ તમામ ને પૂરી પાડવા સૂચના આપી હતી.

### લાઠી ચાર્જ કરનારાઓ આ જગ્યાએ તમારા સંતાનો હોત તો?

# શું શિક્ષણમંત્રીના રાજીનામાંનો પ્રશ્ન હવે મોદી માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે?

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા) સુરત

સંસદમાં સોમવારે ચોમાસુ સત્રનો પ્રથમ દિવસ હતો. ત્યારે બીજી બાજુ દિલ્હીના જંતર-મંતર પર કેન્દ્રિય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાંની માંગણી સાથે હજારો ઝેન-ઝી (યુવાનો)એ ભેગા થઈને દિલ્હીના આંદોલન સ્થળ જંતર-મંતરે થી સંસદ સુધી માર્ચ કરી હતી. અને સવારથી શરૂ થયેલી આ માર્ચને રોકવા માટે જંતર-મંતરેથી જ પોલીસ ધ્વારા લાઠીચાર્જ કરવાની શરૂઆત કરવામાં આવતા ભાગાભાગી સાથે અફરાતરફી મચી જતાં હંગામો શરૂ થઈ ગયો હતો. સાથે સાથે ટીયરગેસના સેલ પણ છોડવામાં આવતા અનેક યુવાનો ઘાયલ થયા હોવા છતાં યુવાનોએ હાર માની ન હતી. ઉપરાંત આટલી મોટી સંખ્યામાં યુવાનોને આવતા જોઈને સંસદના કેટલાક એન્ટ્રી ગેટ બંધ કરવા પડયા હતા. આ આંદોલનમાં દેશના વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યા માં યુવાનો દિલ્હી પહોંચીને આંદોલનમાં જોડાયા હતા. જેને રોકવા મોદી સરકારે આકાશ પાતાળ એક કરી બધાજ પ્રકારના ઉપાયો કરવામાં પાછી પાની કરી ન હતી. જેમાં જેમર લગાવી નેટવર્ક જામ કરી દેવામાં આવ્યું હતું. જ્યારે કેટલાક યુવાનો મેટ્રોનો ઉપયોગ કરીને આંદોલનમાં જોડાવા જઈ રહ્યા હોવાની જાણ થતાં દિલ્હીના મેટ્રો સ્ટેશનો પણ બંધ કરવા પડયા હતા.

આમ નીટ-યુજીનું પેપર લીક થયા બાદ યુવાનોમાં રોષ વધવા લાગ્યો હતો. આ દરમ્યાન કોકરોચ જનતા પાર્ટીની રચના થઈ અને બાદમાં અનેક લોકો જુદા-જુદા સ્થળેથી આંદોલનમાં ભેગા થવા લાગ્યા હતા. અને સોમવારે સંસદ ચલો માર્ચમાં સૌથી વધુ સંખ્યા જોવા મળી સાથે આંદોલન ના પ્રણેતા અભિજીત દીપકે સહિત અનેક લોકોની પોલીસ ધ્વારા અટકાયત કરી લેવામાં આવી હતી.

જ્યારે અનેક વિદ્યાર્થીઓ, યુવાનો પોલીસના લાઠીચાર્જમાં ઘાયલ થયા હતા. આ કાર્યવાહી દરમ્યાન પોલીસ જવાનો પણ ઘાયલ થયા હતા. બીજી તરફ આ આંદોલનમાં સામેલ અને હાલ દિલ્હીની હોસ્પિટલમાં દાખલ સોનમ વાંગચૂકે જાહેરાત કરી છે કે તેઓ પોતાની ભૂખ હડતાળ નહીં તોડે અને ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું ના આપે ત્યાં સુધી આ આંદોલન ચાલુ રહેશે.

દરમિયાન આંદોલનમાં સામેલ કોકરોચ જનતા પાર્ટીના બે આગેવાનો કેન્દ્રિય સ્વાસ્થય મંત્રી જે.પી.નડ્ડા ને મળ્યા હતા. અને સરકારને આ મામલે આવેદન આપવામાં આવ્યું છે. પરંતુ સરકાર તરફથી કોઈ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નથી. આમ લોકશાહી દેશમાં હકની વાત કરનારાઓ અને, હકકની લડાઈ લડનારાઓને મળે છે બર્બરતા પૂર્વકનો લાઠીમાર અને ટીયર ગેસના સેલથી આંસુ વહાવવાનો એક માત્ર માર્ગ. અત્રે ઉલ્લેખનીય છે કે જે પોલીસોએ કે સાદા ડ્રેસમાં રહેલા અન્યોએ વિદ્યાર્થીઓ ઉપર જે રીતે આડેધડ લાઠી ચાર્જ કરી અને ટીયર ગેસ છોડી ગંભીર રીતે વિદ્યાર્થીઓને (યુવાન અને યુવતીઓને) ઘાયલ કરી લોહી લુહાણ કર્યા છે. એમને જનતા એક જ સવાલ પૂછે છે કે શું આજ વિદ્યાર્થીઓમા તમારા જ સંતાનો (લાઠીચાર્જ કરનારા અને એનો આદેશ આપનારાઓના) હોત અને એમની આ હાલત જોઈ તમને કેવી લાગણી થાત? એટલું આત્માના અવાજને પૂછવું જોઈએ કે વિદ્યાર્થીઓની વેદના શું હોય છે? ત્યારે આવી સંવેદનહિન સરકાર માટે આનાથી બીજી શરમજનક બાબત શું હોઈ શકે?

# છેલ્લા ૧૨ વરસમાં દેશમાં અંદાજે ૧૫૨ જેટલા પેપર લીક થયા છે: કરોડો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ઉભો થઈ રહ્યો છે: અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર

નીટ સહિત વિવિધ ભરતી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપરલીક ના મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસે કેન્દ્ર સરકાર સામે આકરા પ્રહારો કર્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે છેલ્લા ૧૨ વરસમાં દેશમાં અંદાજે ૧૫૨ જેટલા પેપર લીક થયા છે. જેના કારણે કરોડો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ઉભો થયો છે. તેમણે વધુમાં કહ્યુ કે દેશભરના લગભગ ૭.૫ કરોડ વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

પ્રાઈવેટ સેકટરમાં મંદી જેવી સ્થિતિને કારણે યુવાનો સરકારી નોકરી તરફ વળી રહ્યા છે. પરંતુ માત્ર ૬ લાખ સરકારી જગ્યાઓ સામે



આશરે ૯ કરોડ ઉમેદવારો પરીક્ષા આપે છે. જેમાં સરેરાશ ૧૫૦ ઉમેદવારોમાંથી માત્ર ૧ ને જ નોકરી મળે છે. અમિત ચાવડાએ આક્ષેપ લગાવ્યો હતો કે શિક્ષણ માફીયાઓના કારણે લાયક ઉમેદવારોને નુકશાન થઈ રહ્યુ છે અને સમગ્ર શિક્ષણ વ્યવસ્થા પર લોકોનો વિશ્વાસ ડગમગી રહ્યો છે. શિક્ષણ મંત્રી મીડીયાથી દુર ભાગી રહ્યા છે. તેનુ કારણ શું તે પ્રજા જાણવા માંગે છે. તેમણે ડબલ એન્જીન સરકારની શિક્ષણ નીતીને નિષ્ફળ ગણાવી કહ્યુ હતુ કે સરકાર પાસે વિદ્યાર્થીઓના પ્રશ્નોના કોઈ જવાબ નથી. કોંગ્રેસે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની પણ માંગ કરી છે. સાથે જ નીટના પેપરલીક માં લાખો રૂપીયાના સોદા થતા હોવાનો આરોપ લગાવી સમગ્ર કૌભાંડની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે. કોંગ્રેસે વધુમાં જણાવ્યુ છે કે હવે છાત્રગુંજ કાર્યક્રમ દ્વારા રાજયભરના વિદ્યાર્થીઓના પ્રશ્નોને વાચા આપવામાં આવશે અને તેમના હિત માટે લડત ચાલુ રહેશે. આ દરમિયાન કોગ્રેસે દાવો કર્યો કે લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધી સતત વિદ્યાર્થીઓના હિતના મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે અને પરીક્ષાર્થીઓની સાથે ઉભા છે. તેમણે વધુમાં કહ્યુ કે દેશભરના લગભગ ૭.૫ કરોડ વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

પ્રાઈવેટ સેકટરમાં મંદી જેવી સ્થિતિને કારણે યુવાનો સરકારી નોકરી તરફ વળી રહ્યા છે. પરંતુ માત્ર ૬ લાખ સરકારી જગ્યાઓ સામે આશરે ૯ કરોડ ઉમેદવારો પરીક્ષા આપે છે. જેમાં સરેરાશ ૧૫૦ ઉમેદવારોમાંથી માત્ર ૧ ને જ નોકરી મળે છે. અમિત ચાવડાએ આક્ષેપ લગાવ્યો હતો કે શિક્ષણ માફીયાઓના કારણે લાયક ઉમેદવારોને નુકશાન થઈ રહ્યુ છે અને સમગ્ર શિક્ષણ વ્યવસ્થા પર લોકોનો વિશ્વાસ ડગમગી રહ્યો છે.

# ગુજરાતમાં છેલ્લા ૫ વરસમાં ૧૨ હજારથી વધુ એમએસએમઈ એકમો બંધ થયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાંથી ઉદ્યોગ જગતને લઈને એક ચિંતાજનક સમાચાર પ્રાપ્ત થયા છે. જેને રાજયના વેપારી વર્તુળોમાં હલચલ મચાવી દીધી છે. કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના રીપોર્ટ અનુસાર છેલ્લા ૫ વરસમાં ગુજરાતમાં ૧૨ હજાર થી વધુ એમએસએમઈ એકમો કાયમ માટે બંધ થઈ ગયા છે. આ વ્યાપક મંદી અને આર્થિક પડકારોના કારણે રાજયના નાના તથા મધ્યમ ઉદ્યોગો મુશ્કેલીમાં મુકાયા છે. રાજયમાં એમએસએમઈ ક્ષેત્રની વર્તમાન સ્થિતિ વિશે વાત કરીએ તો કુલ ૪૨.૧૭ લાખ નોંધાયેલા એકમો પૈકી વર્ષ ૨૦૨૧-૨૨ થી લઈને અત્યાર સુધીમાં કુલ ૧૨,૭૬૯ યુનિટ્સ બંધ થયા છે. આ ગંભીર આંકડાઓ સાથે ગુજરાત સમગ્ર દેશમાં એમએસએમઈ બંધ થવાના મામલે ત્રીજા સ્થાન પર પહોચી ગયુ છે. જો કે આ સુચીમાં મહારાષ્ટ્ર અને તમિલનાડુ રાજયમાં આનાથી પણ વધુ એકમો બંધ થવા સાથે મોખરે છે. મોટા પ્રમાણમાં ઉદ્યોગો બંધ થવાને કારણે રાજયની સ્થાનિક અર્થવ્યવસ્થા અને રોજગારીની તકો પર માઠી



અસર પડી રહી છે. નાના ઉદ્યોગો સાથે જોડાયેલા શ્રમિકો અને કારીગરોની રોજી રોટી સામે પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

# ઈડર-વડાલી તાલુકાઓમાં ૧૦૦ થી વધુ તળાવો ભરાઈ પાણીથી છલકાઈ રહ્યા છે

# ગુજરાતમાં દુષ્કાળના ડાકલા વચ્ચે ઈડર ધારાસભ્ય રમણલાલ વોરાની મહેનત રંગ લાવી: હરીયાળી ખેતીથી ખેડુતો ખુશખુશાલ

પ્રતિનિધિ,ગાંધીનગર

પાણી હશે તો ખેડુતોનુ ભવિષ્ય હશે તે સુત્રને સાબરકાંઠા જિલ્લાના ઈડર-વડાલી ધારાસભ્ય રમણલાલ વોરાએ સાર્થક કરીને બતાવ્યુ છે. કેટલાક નેતાઓ પાંચ વરસ માટે વિચારે છે. પરંતુ કેટલાક નેતાઓ આવનારી પેઢીઓ માટે વિચારે છે, જિલ્લાના ઈડર-વડાલી વિધાનસભાના લોકલાડીલા ધારાસભ્ય રમણલાલ વોરા દ્વારા ખેડુતોના હિતને કેન્દ્ર સ્થાને રાખીને જે જળસંચય અને ઉદવહન સિંચાઈનુ વિઝન અમલમાં મુકવામાં આવ્યુ છે. તે માત્ર એક યોજના નથી પરંતુ સમગ્ર ઈડર-વડાલી વિસ્તારના કૃષિ ભવિષ્યને સુરક્ષિત કરવાનો ઐતિહાસિક પ્રયાસ છે. આજે ધરોઈ જળાશય આધારીત ઉદવહન સિંચાઈ યોજના, ગૃહાઈ જળાશય આધારીત ઉદહવન સિંચાઈ યોજના અને ધરોઈ જળાશય આધારીત ડોભાડા



ઉદવહન સિંચાઈ યોજના દ્વારા કુલ ૧૦૫ તળાવો છલોછલ પાણીથી ભરાઈ રહ્યા છે. ધરોઈ જળાશય આધારીત ઉદવહન સિંચાઈ યોજના અંતર્ગત ઈડર તાલુકાના ૪ તળાવો ભરાઈ રહ્યા છે. જેમાં રાણી તળાવ, સાબલવાડ, ગુજરવા અને ઉમેદપુરા ગામના તળાવો પાણીથી ભરાઈ રહ્યા છે. જયારે વડાલી તાલુકાના ૪૧ તળાવો પાણીથી ભરાઈ રહ્યા છે. જેમાં કુબાધરોલ, કુબાધરોલ કંપા, ડોભાડા, મોરડ, ધામડી, વાડોઠ, માલપુર, ગામડી, હાથરવા, વડાલી, ધીરા, હઠોજ, કંજેલી, કોદરેલી, અસાઈ (વાસણા), અસાઈ, ભંડવાલ, હિંમતપુર, રહેડા, ભવાનગઢ, દાત્રોલી, પહાડીયોલ, જામરેલા, ગઢવીકંપા, વાસણા, રામપુર કંપા, જેતપુર, નવા રામપુર, ટોકરા વસાહત સહિત કુલ ૪૧ તળાવો પાણીથી છલોછલ ભરાયા છે.

જયારે ગુહાઈ જળાશય આધારીત ઉદવહન સિંચાઈ યોજના અંતર્ગત ઈડર તાલુકાના ૧૨ તળાવો છલોછલ પાણીથી ભરાઈ રહ્યા છે. જેમાં ઈસરવાડા, ડુંગરી, દરામલી, ભુવેલ, ચડાસણા, કપોડા, ભેટાલી, માનગઢ, હિંમતપુર, હિંગળાજ સહિત કુલ ૧૨ તળાવો પાણીથી છલોછલ ભરાઈ રહ્યા છે. ધરોઈ જળાશય આધારીત ડોભાડા ઉદવહન સિંચાઈ યોજના અંતર્ગત ઈડર તાલુકાના ૪૦ તળાવો પાણીથી ભરાયા છે. જેમાં સાબલવાડ, મઠ ભોજાયત, કાવા, મહિવાડા, પ્રતાપપુરા, ઉમેદપુરા, રણાસણ, હરીપુરા, રતનપુર, લેઈ, ખાસ્કી, મણીયોર, વિરપુર, મસાલ, બુઢેલી, દેશોતર, બોલુન્દ્રા, ઉમેદગઢ સહિત કુલ ૪૦ તળાવો પાણીથી ભરાયા છે. ડોભાડા ઉદવહન સિંચાઈ યોજના અંતર્ગત વડાલી તાલુકાના ૮ તળાવો પાણીથી છલોછલ ભરાયા છે. જેમાં ડોભાડા, હઠોજ, વાસણ, અરસામડા, નારાયણપુરા, સહિત કુલ ૮ તળાવો છલોછલ પાણીથી ભરાયા છે.

ભાજપના ૧૮૨ ધારાસભ્યોમાંથી માત્ર એક જ ધારાસભ્ય રમણલાલ વોરા છે. કે જેઓની સુઝબુઝને કારણે ઈડર-વડાલી તાલુકાના ખેડુતો પાણી વગર રહ્યા નથી. આજે ભલે મંત્રી મંડળમાં નથી તેમ છતાં રોજેરોજ હજારો પાર્ટીના આગેવાનો, કાર્યકરો, ધારાસભ્ય રમણલાલ વોરા પાસે વિકાસના કામો માટે આવી રહ્યા છે. ત્યારે ધારાસભ્ય રમણલાલ વોરા દ્વારા કયારેય પાર્ટીના આગેવાનો અને કાર્યકરો માટે મોઢુ ન સંતાડી જાહેરમાં ગમે ત્યારે દુઃખ સુખ પ્રસંગે ઈડર-વડાલી તાલુકાની પ્રજા વચ્ચે જઈને ખબર અંતર પુછે છે.

# રેશનીંગ કાર્ડ ધારકોને આગામી તહેવારો નિમિત્તે વધારાનુ તેલ અને ખાંડ અપાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારે આગામી રક્ષાબંધન અને જન્માષ્ટમીના તહેવારોને ધ્યાનમાં રાખીને રેશનીંગ કાર્ડ ધારકો માટે એક મહત્વપૂર્ણ અને રાહતનો નિર્ણય લીધો છે. તહેવારોની ઉજવણીમાં નાગરીકોને મીઠાશ અને જરી ચીજવસ્તુઓ સરળતાથી મળી રહે તે હેતુસર વધારાની ખાંડ અને સીંગતેલનુ વિતરણ કરવાનો નિર્ણય લેવાયો છે. આ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા કાર્ડ ધારકોને કાર્ડ દીઠ ૧ લીટર સીંગતેલ રૂપીયા ૧૦૦ ના રાહતદરે વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત ૧ કિલો ખાંડ રૂપીયા ૧૫ ના રાહતદરે આપવામાં આવશે. આ વધારાની



ખાંડનો લાભ માત્ર અંત્યોદય અને બીપીએલ કાર્ડ ધારકોને જ મળવાપાત્ર રહેશે. જયારે વધારાનુ સીંગતેલ નેશનલ ફુડ સીકયોરીટી એકટ હેઠળના અને નોન-એનએફએસએ બીપીએલ કેટેગરીના રેશનકાર્ડ ધારકોને પણ આપવામાં આવશે. તહેવારોમાં નાગરીકોને વધુ પોષણયુકત અનાજ મળી રહે તે માટે સરકારે બે વરસના અંતરાલ બાદ ફરીથી બાજરી આપવાનો પણ નિર્ણય લીધો છે. અગાઉ સામાન્ય રીતે શિયાળામાં અપાતી બાજરી આ વખતે વિતરણ માટે પુરવઠા તંત્ર દ્વારા દુકાનદારોને પરમીટ આપવામાં આવી છે. જો કે રેશનીંગ દુકાનદારો દ્વારા ઓગસ્ટ મહિનામાં જ વધારાની ખાંડ અને તેલનુ વિતરણ કરવા માટે પુરવઠા તંત્ર સમક્ષ માંગણી કરવામાં આવી હતી. પુરવઠા તંત્રની સુચના મુજબ ઓગસ્ટ મહિનામાં જથ્થો મેળવીને તહેવાર ના વધારાના જથ્થાનુ વિતરણ ૧ સપ્ટેમ્બર પછી જ કરવા માટે જણાવાયુ છે. કારણ કે ૨૮ ઓગસ્ટે રક્ષાબંધન હોવાથી પુરવઠો ત્યારબાદ જ ઉપલબ્ધ બનશે. રક્ષાબંધન પછી વિતરણ કરવાની સુચનાને લઈને દુકાનદારો માં થોડો કચવાટ જોવા મળી રહ્યો છે.

### ગેરકાયદે ફટાકડા રાખવા મામલે પોલીસે યુવક સામે ગુનો નોંધ્યો

# સરદારનગરમાં ફાયર સેફ્ટી,લાઈસન્સ વિના ફટાકડા વેચતી દુકાન પર દરોડો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રામોલની ફટાકડા ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટ બાદ શહેર પોલીસ સફાળે જાગી છે.

સરદારનગર પોલીસે સુરક્ષાના નિયમોનો સરેઆમ ભંગ કરીને, કોઈ પણ પ્રકારના લાઈસન્સ કે ફાયર સેફ્ટીના સાધનો રાખ્યા વિના ગેરકાયદે રીતે ફટાકડા (દારૂખાનું) વેચતી એક દુકાન પર પોલીસે દરોડો પાડ્યો છે.

આ મામલે પોલીસે એક ૧૯ વર્ષીય યુવક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.શહેર પોલીસ શાખાના પોલીસ કર્મચારી (કોન્સ્ટેબલ)ને મળેલી ચોક્કસ વિગતોના આધારે સરદારનગરના કુબેરનગર વિસ્તારમાં આવેલી 'સાબરમતી બજાર' ખાતે તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન બજારની દુકાન નં. ૬૩માં ગેરકાયદે રીતે ફટાકડાનો મોટો જથ્થો રાખીને વેપાર કરવામાં આવી રહ્યો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસ દરોડા દરમિયાન દુકાન પરથી હિમેશકુમાર રમણભાઈ સોલંકી (ઉં.વ. ૧૯) મળી આવ્યો હતો. પોલીસે જ્યારે તેની પાસે ફટાકડાના વેપાર માટેનું અધિકૃત લાઈસન્સ, પરવાનગી પત્ર અથવા દુકાનમાં આગ ઓલવવા માટેના ફાયર સેફ્ટીના સાધનો અંગે પૂછપરછ કરી, ત્યારે તેની પાસે કોઈ પણ પ્રકારના કાયદેસરના દસ્તાવેજો કે સુરક્ષા વ્યવસ્થા મળી આવી ન હતી.

પોલીસે ઘટનાસ્થળેથી અલગ-અલગ બ્રાન્ડના બોમ્બ, રોકેટ, કોઠી, ચક્કર અને કલર સ્પાર્કલર્સ સહિતના અસંખ્ય ફટાકડાના બોક્સનો જથ્થો જપ્ત કર્યો છે.

ગીચ બજાર વિસ્તારમાં કોઈપણ સુરક્ષા સાધનો વિના આટલા મોટા પ્રમાણમાં જ્વલનશીલ ફટાકડાનો જથ્થો રાખવો એ સ્થાનિક લોકો અને ખરીદદારો માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે તેમ હતું.

આ બેદરકારી બદલ પોલીસે આરોપી હિમેશકુમાર સોલંકી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# સુરતમાં ૧૨ કલાકમાં ૪ ઈંચ વરસાદ: ખાડી ઓવરફલો થતા મકાનોમાં ઘુસ્યા પાણી

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેર અને જિલ્લામાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. જેના કારણે છેલ્લા ૧૨ કલાકમાં શહેરમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો છે. આ સાથે જ શહેરમાં સીઝનનો કુલ વરસાદ ૩૯ ઈંચ અને જિલ્લામાં કુલ ૩૩ ઈંચ પર પહોચી ગયો છે.

સમગ્ર જિલ્લામાં સૌથી વધુ વરસાદ પલસાણામાં ૫.૨૩ ઈંચ નોંધાયો છે. ભારે વરસાદના પગલે સુરત જિલ્લા પંચાયત હસ્તકના ૧૧ રોડ રસ્તાઓ બંધ થઈ ગયા છે. જયારે વરાછાની ખાડી અને કોઝવે ભયજનક સપાટીની ઉપર વહી રહ્યા હોવાથી તંત્ર દ્વારા જળસ્તર પર સતત નજર રાખવામાં આવી રહી છે. જિલ્લામાં અવિરત વરસાદના કારણે અરેઠના મુજલાવ-બોધનથી પસાર




થતી ખાડી માં ઘોડાપુર આવ્યુ છે અને કોઝવે પર પાણી ફરી વળતા રોડ રસ્તો બંધ થઈ ગયો છે. જેથી માંડવી, અરેઠ અને બારડોલીના લોકોને ૨૦ કિ.મી. નો લાંબો ફેરો કરવા મજબુર બનવુ પડયુ છે.

તો બીજી તરફ ઉપરવાસમાં ભારે વરસાદને કારણે શહેરમાંથી પસાર થતી ખાડીઓના લેવલમાં પણ વધારો થયો છે.

ભેદવાડ (ભેળવાળ) ખાડી ઓવરફલો થતા તેના પાણી ખેતરો, મકાનો અને કોમ્પ્લેક્ષમાં ધુસી ગયા છે. જેથી લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. સુરતમાં આકાશી આફતના ડ્રોન દ્રશ્યો પણ સામે આવ્યા છે. સચિન વિસ્તારમાં ગરનાળામાં કેડસમા પાણી ભરાતા અને આસપાસની સોસાયટીઓમાં પાણી ધુસતા લોકોની ચિંતા વધી છે. આ ઉપરાંત પાંડેસરામાં સામાન્ય વરસાદમાં જ રોડ રસ્તાઓ પર પાણી ફરી વળતા રોડ બંધ કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જેથી મહાનગરપાલિકાની કામગીરી સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બમરોલી ગામ તરફ જવાનો રોડ પણ પાણીમાં ડુબી ગયો છે. છતાં રોડ ખુલ્લો રખાતા મહાનગરપાલિકાની બેદરકારી બહાર આવી છે. ધોધમાર વરસાદથી અનેક વિસ્તારો જળબંબાકાર થતા સુરત મહાનગરપાલિકાની પ્રિ-મોન્સુન દાવાઓ પર ફરી એકવાર પાણીમાં ગયા છે.